Friday, 18 September 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૬૮ ● સંવત-૨૦૮૨ ભાદરવા સુદ સાતમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



નિષ્ફળતાને એક સીડી માનો, સફળતા તરફ આગળ વધો, આપનું ભવિષ્ય ઉજ્જવળ કરો.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

### પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિનના ઉપલક્ષમાં

# સંઘપ્રદેશ પ્રશાસનનો નિર્ધારઃ પ્રદેશની પ્રત્યેક મહિલાઓના કેન્સરની આગોતરી તપાસનું લક્ષ્યાંક

## ભાવના સેવા ટ્રસ્ટ દ્વારા દમણ-સેલવાસની નમો હોસ્પિટલમાં કેન્સર ડિટેક્શન સેન્ટરનો કરાયેલો આરંભ

**આરોગ્ય વિભાગ અને ભાવના સેવા ટ્રસ્ટે ૩૦ વર્ષ અને તેથી વધુ ઉંમરની દરેક મહિલા માટે નિઃશુલ્ક કેન્સર(સ્તન કેન્સર, સર્વાઈકલ કેન્સર અને મુખ કેન્સર) અને એનસીડી (બિન-સંચારી રોગ) તપાસ માટે હાથ મિલાવ્યા; પ્રથમ દિવસે દમણ અને સેલવાસમાં ૨૩૩ લાભાર્થીઓની તપાસ કરાઈ**









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ/સેલવાસ, તા.૧૭**

મોટાભાગના કિસ્સાઓમાં, વહેલી તકે નિદાન થયેલ કેન્સર એવું કેન્સર છે જેને હરાવી શકાય છે. આ સાદા છતાં સશક્ત સત્યને કેન્દ્રમાં રાખીને, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશના આરોગ્ય વિભાગે ભાવના સેવા ટ્રસ્ટના સહયોગથી આજે સમગ્ર કેન્દ્રશાસિત પ્રદેશમાં ૩૦ વર્ષ અને તેથી વધુ ઉંમરની દરેક મહિલા માટે એક વ્યાપક કેન્સર અને આરોગ્ય તપાસ અભિયાનનો પ્રારંભ કર્યો છે, જે એક એવું અભિયાન છે કે, જે રોગ મૂળ પકડે તે પહેલાં જ તેને પકડી પાડવા માટે રચાયેલું છે.

આ પહેલ આ પ્રદેશે અત્યાર સુધી હાથ ધરેલા સૌથી મહત્ત્વાકાંક્ષી જાહેર આરોગ્ય અભિયાનોમાંનું એક છે, જે પાયાના સ્તરે લોકસંપર્ક, ડિજિટલ દર્દી ટ્રેકિંગ અને હોસ્પિટલ-આધારિત ક્લિનિકલ સંભાળને એક જ, અવિરત પ્રક્રિયામાં જોડીને મહિલાના ઘર આંગણેથી નિદાન સુધીનો માર્ગ કંડારે છે.

**તબક્કો એકઃ સમુદાયની સેવા કરનારાઓથી શરૂઆતઃ-**

૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શરૂ થયેલા આ અભિયાનના પ્રથમ તબક્કામાં લોકપ્રતિનિધિઓ, આરોગ્ય કર્મચારીઓ અને આંગણવાડી કાર્યકરોની તપાસને પ્રાથમિકતા આપવામાં આવી છે – એ જ મહિલાઓ જે રોજેરોજ પોતાના સમુદાયની સેવા કરે છે અને જે, જેમ જેમ આ અભિયાન કેન્દ્રશાસિત પ્રદેશની સમગ્ર પાત્ર મહિલા વસ્તી સુધી વિસ્તરશે, તેમ તેમ તેની સૌથી વિશ્વસનીય પ્રચારક બનશે.

**દમણઃ એક મજબૂત શરૂઆતઃ-**

દમણમાં, આ અભિયાનનો ઔપચારિક પ્રારંભ પ્રશાસકશ્રીના સલાહકાર શ્રી અંકુર ગર્ગ દ્વારા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધરમ પટેલ અને દમણ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી દીપિકા ટંડેલ સાથે મળીને કરવામાં આવ્યો. ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં પ્રથમ દિવસે જ ૧૦૦ જેટલા લાભાર્થીઓની નોંધણી થઈ અને તેમાં જિલ્લા પંચાયત સભ્યો, વોર્ડ કાઉન્સિલરો, સરપંચો, શિક્ષકો, આરોગ્ય કર્મચારીઓ અને આંગણવાડી કાર્યકરોની વ્યાપક ઉપસ્થિતિ જોવા મળી – જે અભિયાનની પ્રથમ સવારથી જ સમુદાયની માલિકીનો સ્પષ્ટ સંકેત હતો.

- (વધુ પાના નં.૨ પર)

# સ્વસ્થ અને જાણકાર છોકરીઓ એક મજબૂત સમાજ અને ઉજ્જવળ ભવિષ્યનો પાયો છેઃ પ્રશાસક પ્રફુલભાઈ પટેલ



## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે દમણ અને સેલવાસમાં HPV રસીકરણ શિબિર યોજાઈ



## ‘૨૫ વર્ષની સેવા’ની પ્રતિજ્ઞા સાથે કિશોરીઓ માટે HPV રસીકરણ અને કેન્સર જાગૃતિનો સંદેશ અપાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૭**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે, ‘૨૫ વર્ષની સેવા’ અભિયાનના ભાગ રૂપે, ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન દેશભરમાં એક મહિનાનો ‘સેવા સંકલ્પ અભિયાન’નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં, દાદરા નગર હવેલી અને દમણ-દીવના કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્રે કિશોરીઓના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા અને કેન્સરને રોકવા માટે કચીગામ સ્થિત ગૌતમ બુદ્ધ ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે તથા દાદરા નગર હવેલીના ઝંડા ચોક સ્થિત સીપીએસ ટોકરખડા શાળા અને સ્વામી વિવેકાનંદ શાળામાં HPV રસીકરણ અને જાગૃતિ શિબિરનું આયોજન કર્યું હતું.

કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ હતા. આ પ્રસંગે ૧૪ વર્ષ અને તેથી વધુ ઉંમરની છોકરીઓને હ્યુમન પેપિલોમા વાયરસ (HPV) રસી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનો હેતુ કિશોરીઓમાં HPV ચેપ અને ભવિષ્યમાં સર્વાઈકલ કેન્સરને રોકવા માટે રસીકરણના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન, આરોગ્ય નિષ્ણાતોએ છોકરીઓને HPV ચેપ, સર્વાઈકલ કેન્સર, HPV રસીકરણના ફાયદા અને કેન્સર નિવારણ પગલાં વિશે વિગતવાર માહિતી પૂરી પાડી હતી. કન્યાઓને સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવા, સમયસર જરૂરી રસીકરણ મેળવવા અને નિવારક આરોગ્ય સંભાળ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે આ પહેલની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે ‘‘સ્વસ્થ અને જાણકાર છોકરીઓ એક મજબૂત સમાજ અને ઉજ્જવળ ભવિષ્યનો પાયો છે.’’ તેમણે કિશોરવયની છોકરીઓના સ્વાસ્થ્ય, નિવારક આરોગ્ય સેવાઓ અને કેન્સર જેવા ગંભીર રોગો વિશે જાહેર જાગૃતિ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ‘સેવા સંકલ્પ અભિયાન’ હેઠળ આયોજિત આ પહેલ, જાહેર સેવાને આરોગ્ય સંભાળ સાથે જોડીને કિશોરવયની છોકરીઓ માટે વધુ સારા સ્વાસ્થ્ય અને સુરક્ષિત ભવિષ્ય તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું છે.

# દમણમાં ભાજપ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ‘આશીર્વાદ કા દિયા’ કાર્યક્રમ યોજાયો

## પ્રદેશમાં દરેક ભાજપ કાર્યકર્તાઓના ઘરે પ્રગટેલા ‘આશીર્વાદ’ના દિવા





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૭**

આજે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે, દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ શ્રી મહેશભાઈ આગરિયાની અધ્યક્ષતામાં, નાની દમણ સ્થિત પાર્ટી કાર્યાલયના પ્રાંગણમાં દીપ પ્રગટાવીને ‘આશીર્વાદ કા દિયા’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, ભાજપના કાર્યકરોએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને સ્વસ્થ, લાંબા અને સફળ જીવનની શુભેચ્છા પાઠવી હતી.

‘આશીર્વાદ કા દિયા’ કાર્યક્રમ અંતર્ગત, પ્રદેશ ભાજપના કાર્યકરો તેમના નિવાસસ્થાનો, મહત્ત્વના વિકાસ સ્થળો અને સીમાચિહ્નો પર દીવા પ્રગટાવવાનું નક્કી કરાયું હતું. જેથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવી શકાય.

આ કાર્યક્રમ ભાજપ કાર્યકરોના પ્રધાનમંત્રી પ્રત્યેના સ્નેહ, આદર અને શુભેચ્છાઓની અભિવ્યક્તિ તરીકે આયોજિત કરવામાં આવ્યો હતો.

# સેલવાસની નમો મેડીકલ કોલેજ અને હોસ્પિટલનું સંચાલન સોસાયટીને સોંપાતા દાનહ કોંગ્રેસે નોંધાવેલો ઉગ્ર વિરોધ

## જનતાના ટેક્સના ખર્ચે બનાવાયેલી મેડિકલ કોલેજ અને હોસ્પિટલનું સંચાલન એક સોસાયટી મારફત કરવાની નોબત શા માટે આવી?: દાનહ કોંગ્રેસનો સરકારને સવાલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સેલવાસ, તા.૧૭:** દાદરા નગર હવેલીની નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ અને નમો હોસ્પિટલને સોસાયટી મારફતે ચલાવવાના મુદ્દે દાદરા નગર હવેલી કોંગ્રેસ પાર્ટી દ્વારા વિરોધ સાથે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. દાનહ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખશ્રી દ્વારા સાંસદ શ્રીમતી કલાબેન ડેલકર પાસેથી સમગ્ર મામલે સ્પષ્ટતા સાથે જવાબદારી સ્વીકારી રાજીનામું આપવાની માંગ કરી છે. દાનહ કોંગ્રેસે ઉપલબ્ધ દસ્તાવેજો મુજબ ૧૨ જુલાઈ ૨૦૨૪ના રોજ નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટને સોસાયટી તરીકે ચલાવવાનો પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મોકલવામાં આવ્યો હતો. ૨૫ જુલાઈ ૨૦૨૪ના કેન્દ્રના પત્રમા આ અંગે પ્રશાસન પાસેથી પણ સ્પષ્ટતા માંગવામાં આવી હોવાનું જણાવવામાં આવ્યું હતું.

**દાનહ કોંગ્રેસે સાંસદ કલાબેન ડેલકરના રાજીનામાની કરેલી માંગણી**

દાનહ કોંગ્રેસ પાર્ટી દ્વારા પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે જનતાના ટેક્સના ખર્ચે બનેલી સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલને સોસાયટી હેઠળ ચલાવવાની નોબત કેમ આવી? તેમજ સોસાયટીની રચના, સભ્યો, સત્તાઓ અને નાણાકીય અધિકારો જાહેર કરવાની માંગ પણ કરી હતી. મેડિકલ કોલેજમાં કથિત મેનેજમેન્ટ ક્વોટા અને એનઆરઆઈ ક્વોટામાં પ્રવેશ અને અનામત નીતિ અંગે પણ કોંગ્રેસે સંઘપ્રદેશ પ્રશાસન પાસે સત્તાવાર સ્પષ્ટતા માંગી છે. કોંગ્રેસે સલાહ આપી છે કે, જાહેર નાણાથી ઉભી કરાયેલી સંસ્થાઓનું સંચાલન અને નાણાકીય વ્યવસ્થામાં સંપૂર્ણ પારદર્શિતા જરૂરી છે.




## સુવિચાર - સદ્‌વિચાર

તમારી સૌથી મોટી મજબુરીને સૌથી મોટી તાકાત બનાવી લો

## કવિતા

**મુસાફિર ગવના હોંગે ભોર,**

મુસાફિર ગવના હોંગે ભોર,
ગાફિલ કાહે નિંદ ભર સોવે, બાંધ ગઠરિયા તોર.
યહ સંસારા હાટ પસારા, એક આવે એક જાય,
જૈસે તરુવર વૃક્ષ બસેરા, પંછી બૈઠે આય...
તેરા કોઈ સંગાથી નાહીં, ક્યોં ખોવે મન મૂલ,
યહ સંસાર દેખ કહાં ભૂલે, સબહી સિમ્બલ ફૂલ...
ધન જોબન તન નાહીં તેરા, કાહે કરે અનુરાગ,
હાય અભાગા સોવત કાહે, જાગ સકે તો જાગ...
કૂચ ઘડી અબ જાવન ઠાઢે, કાહે મચાવે રાર,
તોસે યહાં રહા ન જાવે, બંદે હો જા હુશિયાર...
ચલાચલી કુછ ભલાભલી કર, સંત કહત પુકાર,
'તેજાનંદ' કહે અય પરદેશી, કિય લે પ્રભુ સે પ્યાર...

**- તેજાનંદ સ્વામી**

## આજની જોક

અંગ્રેજોએ ભારતમાં પહેલો પગ મૂક્યો પછી શું કર્યું
તરત જ બીજો પગ મુક્યો સાહેબ-ભુરો બોલ્યો



## કબીર વાણી

**જો તનમાંહિ મન ધરે, મન ધર નિર્મલ હોય;**
**સાહેબસો સનમુખ રહે, તો ફિર બાલક હોય.**

**-અર્થાત-**

કબીર સાહેબ કહે છે કે જે વ્યક્તિ પોતાના મનને કાબૂમાં રાખીને પવિત્ર કરે છે અને હંમેશાં ભગવાનની સન્મુખ (ધ્યાનમાં) રહે છે, તેનું મન નાના બાળક જેવું નિર્દોષ અને સાફ થઈ જાય છે



## ચાણક્ય ઉવાચ

**યાદશી ભાવના યસ્ય સદ્વિર્ભવતિ તાદશી ।**
**સંતોષાત્મિકા બુદ્ધિઃ સુખાય ચ હિતાય ચ ?**

**-અર્થાત-**

માણસની જેવી ભાવના કે વિચાર હોય છે, તેને તેવું જ પરિણામ મળે છે. સંતોષી બુદ્ધિ જ મનુષ્યના સુખ અને કલ્યાણનું મૂળ કારણ છે

## આજનો દિન વિશેષ

### મદન લાલ ઢીંગરા



મદન લાલ ઢીંગરા (૧૮ સપ્ટેમ્બર ૧૮૮૩-૧૭ ઓગસ્ટ ૧૯૦૯) એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતા, જેમણે ૧૯૦૯માં યુનિવર્સિટી કોલેજ લંડનમાં વિદ્યાર્થી તરીકે ભારતના રાજ્ય સચિવના રાજકીય સહાયક સર વિલિયમ હટ કર્ઝન વાયલીની લંડનમાં હત્યા કરી હતી.

**શરૂઆતનું જીવન :** મદન લાલ ઢીંગરાનો જન્મ ૧૮ સપ્ટેમ્બર ૧૮૮૩ના રોજ ભારતના અમૃતસરમાં એક શિક્ષિત અને સમૃદ્ધ હિન્દુ પંજાબી ખત્રી પરિવારમાં થયો હતો. તેમના પિતા, ડૉ. દિટ્ટા મલ ઢીંગરા, સિવિલ સર્જન હતા, અને મદન લાલ આઠ બાળકો (સાત પુત્રો અને એક પુત્રી)માંના એક હતા. ઢીંગરા સહિત તમામ સાતેય પુત્રોએ વિદેશમાં અભ્યાસ કર્યો હતો.ઢીંગરાએ ૧૯૦૦ સુધી એમબી ઈન્ટરમીડિયેટ કોલેજમાં અમૃતસરમાં અભ્યાસ કર્યો. ત્યારબાદ તેઓ સરકારી કોલેજ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા માટે લાહોર ગયા. અહીં, તેઓ પ્રારંભિક રાષ્ટ્રવાદી ચળવળથી પ્રભાવિત થયા હતા, જે તે સમયે સ્વતંત્રતા કરતાં ગૃહ શાસન મેળવવા વિશે હતી. ઢીંગરા ખાસ કરીને ભારતની ગરીબીથી પરેશાન હતા. તેમણે ભારતીય ગરીબી અને દુષ્કાળના કારણોને લગતા સાહિત્યનો વ્યાપક અભ્યાસ કર્યો, અને તેમને લાગ્યું કે આ સમસ્યાઓના ઉકેલ શોધવાના મુખ્ય મુદ્દાઓ સ્વરાજ (સ્વ-શાસન) અને સ્વદેશી ચળવળમાં રહેલા છે.

ઢીંગરાએ ખાસ ઉત્સાહથી સ્વદેશી ચળવળને અપનાવી, જેનો ઉદ્દેશ્ય ભારતીય ઉદ્યોગ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપીને અને બ્રિટિશ (અને અન્ય વિદેશી) માલનો બહિષ્કાર કરીને ભારતની આત્મનિર્ભરતા વધારવાનો હતો. તેમણે જોયું કે વસાહતી સરકારની ઔદ્યોગિક અને નાણાકીય નીતિઓ સ્થાનિક ઉદ્યોગોને દબાવવા અને બ્રિટિશ આયાતોની ખરીદીને પ્રોત્સાહન આપવા માટે બનાવવામાં આવી હતી, જે તેમને ભારતમાં આર્થિક વિકાસના અભાવનું મુખ્ય કારણ લાગ્યું.

## આજનો પ્રવાસ :સિલીગુડી

**સિલીગુડીઃ** પહાડોની વચ્ચે મહેકતી ચાની મજા લેવા માટે બેસ્ટ છે આ જગ્યા બરફથી ઢંકાયેલા પહાડો અને પ્રાકૃતિક સુંદરતાથી ભરપૂર દ્રશ્યો વચ્ચે આધુનિક વિકાસ, શૉપિંગ મૉલ અને વિકસતા શહેર અંગે વિચારીને જુઓ, સિલીગુડી શહેર તેનુ એકદમ પરફેક્ટ કોમ્બિનેશન છે. દાર્જિલિંગ, સિક્કિમ કે પછી આપણા પડોશી દેશ ભૂટાનની જેમ ઉત્તર-પૂર્વની જાણીતી જગ્યાની યાત્રામાં આને ફક્ત એક નાનકડા સ્ટોપ તરીકે જ જોવામા આવે છે. પરંતુ સિલીગુડી એવી જગ્યા છે જેને અલગ રીતે જોવી જોઈએ.

**કેમ કરશો સિલીગુડીની યાત્રા :** સિલીગુડી પોતાના ચાર ટી (T) એટલે કે ટુરિઝમ (પર્યટન), ટિંબર (લાકડું), ટી (ચા) અને ટ્રાન્સપોર્ટ (હેરફેર) માટે જાણીતું છે. આ શહેરમાં આ ચાર ફેમસ ચીજો ઉપરાંત પણ ઘણાં બધા દર્શનીય સ્થળ છે. જે અંગે અમે અહીં બતાવવા જઈ રહ્યા છીએ.

કોરોનેશન બ્રિજ : કોરોનેશન બ્રિજ સિલિગુડીથી લગભગ ૨૫ કિ.મી.ની દૂર એક નાનકડા શહેર સિવોકમાં આવેલું છે. આ બ્રિજનું નિર્માણ મહારાણી એલિઝાબેથ અને કિંગ જ્યોર્જ સ્ત્ના રાજ્યભિષેકના સમયે કરવામાં આવ્યું હતું. આ બ્રિજને અન્ય નામે પણ ઓળખવામાં આવે છે. આના પ્રવેશ દ્વાર પર વાઘની બે મૂર્તિઓ હોવાથી તેને 'બાઘ પુલ' કે 'ટાઈગર બ્રિજ' કે પછી સ્ટિલથી બનેલો હોવાના કારણે તેને લોખંડીયો પુલ પણ કહેવામાં આવે છે. આ બ્રિજ તેની સુંદર ડિઝાઈન અને એન્જિનિયરિંગ માટે ઓળખાય છે અને પર્યટકો માટે આ બ્રિજ એક મહત્વની જોવાલાયક જગ્યા છે. દાર્જિલિંગથી સિલીગુડી સુધીની યાત્રા દરમિયાન પર્યટકોને અહીં સ્થાનિક હરિયાળીના રમણીય દ્રશ્યોનો આનંદ માણવા મળે છે. આ બ્રિજ કલિંપોંગ, નાથુલા અને ગંગટોક સુધી જાય છે અને રાષ્ટ્રીય રાજમાર્ગ (નેશનલ હાઈ વે) ૩૧ તરીકે પણ ઓળખાય છે. આ બ્રિજની આસ-પાસ તમને અનેક મનમોહક દ્રશ્યો જોવા મળે છે.

### અનેક મહાનુભવોએ પીએમને શુભકામના પાઠવી છે

# અમિત શાહ, રાહુલ ગાંધી, યુવરાજ સિંહ અને અક્ષય કુમારે મોદીને આપી જન્મદિવસની શુભકામના

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દેશભરમાં અલગ-અલગ સ્થળોએ કાર્યક્રમો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૧૭**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસના પ્રસંગે ભારતીય જનતા પાર્ટી દેશભરમાં કાર્યક્રમો આયોજિત કરી રહી છે. આ દરમિયાન ગુજરાતમાં ગુરુવારે (૧૭ સપ્ટેમ્બર) ૧૮,૫૦૦ થી વધુ સ્થળોએ ૮૮ લાખથી વધુ માટીના દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. આ સિવાય, વડનગરથી વારાણસી સુધી બાઈક રેલી, મંદિરોમાં પૂજા-અર્ચના, આરતી અને અન્ય ઘણા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. બીજી તરફ પીએમના જન્મ દિવસ પર રાષ્ટ્રપતિ, ગૃહમંત્રી અમિત શાહ અને વિપક્ષ નેતા રાહુલ ગાંધી સહિતના મહાનુભવો સુરક્ષા પાઠવી છે.

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ પીએમ મોદીને જન્મદિવસના પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી. તેમણે એક્સ પર લખ્યું, દિલ્હીને આપનો સ્નેહ અને માર્ગદર્શન નિરંતર મળતું રહ્યું છે. આપના નેતૃત્વમાં આજે રાજધાની નવી ગતિ, નવા સામર્થ્ય અને નવા આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહી છે. શહેરનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે અને તેની સાથે લોકોના જીવનમાં પણ નવી સુવિધાઓ, નવા અવસરો અને નવી આશાઓ ઉમેરાઈ રહી છે. આપણી બહેનો હોય, યુવા સાથીઓ હોય, શ્રમિક પરિવારો હોય, વરિષ્ઠ નાગરિકો હોય કે ભવિષ્યના સપના સેવતા આપણા બાળકો હોય, વિકસિત દિલ્હીની યાત્રાનું કેન્દ્ર જન-જનનું જીવન છે.



બોલિવૂડ એક્ટર અક્ષય કુમારે પ્રધાનમંત્રી મોદીને જન્મદિવસ પર શુભેચ્છાઓ પાઠવી. તેમણે એક્સ પર લખ્યું, આજે આપણા પ્રધાનમંત્રીજીનો જન્મદિવસ છે અને આ દિવસને સેવા સંકલ્પ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. મને લાગે છે કે જન્મદિવસ ઉજવવાનો આનાથી વધુ સુંદર બીજો કોઈ રસ્તો હોઈ શકે નહીં.

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ૭૬મા જન્મદિવસની શુભકામના આપી. સોશિયલ મીડિયા સાઈટ એક્સ પર ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રીએ પીએમના દીર્ઘાયુ હોવાની કામના કરી. કન્નૌજના સાંસદે લખ્યું કે પ્રધાનમંત્રીજીને જન્મદિવસની શુભકામના અને સ્વસ્થ તથા સક્રિય સાર્થક જીવન માટે શુભેચ્છાઓ!

તો બીજી તરફ જ સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના ૨૫ વર્ષના સાર્વજનિક જીવનમાં સેવાને સાધના, સુશાસનને સંકલ્પ અને રાષ્ટ્ર નિર્માણને સર્વોપરી ધ્યેય બનાવીને જન-જનના જીવનમાં પરિવર્તનની નવી ચેતના જગાડી છે.

આજે તેમના ૭૬મા જન્મદિવસના પાવન અવસર પર બાબા વિશ્વનાથની પાવન નગરી વારાણસીથી સેવા સંકલ્પ અભિયાનનો પ્રારંભ થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીને જન્મદિવસની શુભેચ્છાઓ. આપના સારા સ્વાસ્થ્ય અને દીર્ઘાયુની કામના કરું છું.

કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહે વડાપ્રધાન મોદીને તેમના જન્મદિવસ પર શુભકામનાઓ પાઠવી છે. તેમણે એક્સ પર લખ્યું, PM મોદીના નેતૃત્વમાં, ભારત વિકાસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવાની દિશામાં આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને ડિજિટલ કનેક્ટિવિટી સુધી, ગરીબોના કલ્યાણથી લઈને ઈનોવેશન અને એન્ટરપ્રિન્યોરશિપ સુધી, આપણે દરેક ક્ષેત્રમાં ઐતિહાસિક અને ઉલ્લેખનીય પ્રગતિ કરી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ PM મોદીને જન્મદિવસના અવસર પર શુભકામનાઓ પાઠવી છે. તેમણે એક્સ પર લખ્યું, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીને જન્મદિવસની હાર્દિક બધાઈ અને શુભકામનાઓ. છેલ્લા ૨૫ વર્ષોમાં મુખ્યમંત્રી અને વડાપ્રધાનના કાર્યકાળમાં આપે સુશાસનના અનેક નવા રેકોર્ડ સ્થાપિત કર્યા છે તથા સમાવેશી વિકાસને અભૂતપૂર્વ ગતિ અને નવી દિશા પ્રદાન કરી છે.

બાગેશ્વર ધામના ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ વડાપ્રધાન મોદીને જન્મદિવસ પર શુભકામનાઓ પાઠવી છે. તેમણે કહ્યું કે, PM મોદીને ૭૬મા જન્મદિવસ પર ખૂબ-ખૂબ અભિનંદન

### કામરેજના ઘલા ગામથી ભરૂચ જઈ રહ્યા હતા કામદારો

# સુરતમાં નેશનલ હાઈવે ૪૮ પર એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો

### આ અચાનક બનેલી ઘટનાથી ટેમ્પામાં સવાર શ્રમિકોમાં ભારે ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૧૭**

સુરતમાં નેશનલ હાઈવે ૪૮ પર એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે. કામદારોને લઈને જઈ રહેલા આઈશર ટેમ્પાનું રસ્તામાં અચાનક ટાયર ફાટતાં ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને ટેમ્પો હાઈવે પર પલટી મારી ગયો હતો. આ અચાનક બનેલી ઘટનાથી ટેમ્પામાં સવાર શ્રમિકોમાં ભારે ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી.



મળતી વિગતો અનુસાર, આ આઈશર ટેમ્પામાં કુલ ૧૭ જેટલા કામદારો સવાર હતા. આ તમામ લોકો કામરેજ તાલુકાના ઘલા ગામ ખાતેથી લાઈટનો સામાન ભરીને ફિટિંગના કામ અર્થે ભરૂચ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન નેશનલ હાઈવે ૪૮ પર કાળમુખો અકસ્માત નડ્યો હતો. ટાયર ફાટવાના કારણે ટેમ્પો પલટી જતાં સામાન અને શ્રમિકો રસ્તા પર પટકાયા હતા.આ ગમખ્વાર અકસ્માતમાં ૧ કામદારનું ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ૬ જેટલા કામદારોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ જિલ્લા ટ્રાફિક પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે સ્થાનિકોની મદદથી ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા અને હાઈવે પરનો વાહનવ્યવહાર પૂર્વવત કરાવી આગળની તપાસ હાથ ધરી છે.

# દીવ વણાંકબારા દરિયામાં બોટમાંથી ખલાસી પડી જતા મોત

### રાત્રે બોટમાંથી ગુમ થયા બાદ સવારે મૃતદેહ મળી આવ્યો : પોલીસે તપાસ હાથ ધરી

**બોટમાં હાજર અન્ય ખલાસીઓને રાત્રે આશરે ૧૨ વાગ્યાના સમયે નારણભાઈ નજરે ન પડતા શરૂ કરી હતી શોધખોળ**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૭**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના વણાંકબારા દરિયામાં રાત્રિના સમયે એક ખલાસી બોટમાંથી અચાનક દરિયામાં પડી જતા મોત નિપજ્યું હોવાની ઘટના સામે આવી છે.

મળતી માહિતી મુજબ, નાગવા વિસ્તારની શ્રી ગજાનંદ નામની ફિશિંગ બોટ (રજીસ્ટ્રેશન નંબર DD-02-MM-1765)માં ખલાસી તરીકે કામ કરતા ગુજરાતના ગીર ગઢડા તાલુકાના જુડવડલી ગામના રહેવાસી નારણભાઈ છના ખારા (ઉંમર ૪૩ વર્ષ) રાત્રિના સમયે બોટમાંથી અચાનક દરિયામાં પડી ગયા હતા.

બોટમાં હાજર અન્ય ખલાસીઓને રાત્રે આશરે ૧૨ વાગ્યાના સમયે નારણભાઈ નજરે ન પડતા તેમની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. રાત્રિ દરમિયાન શોધખોળ કર્યા બાદ સવારે વણાંકબારા વિસ્તારમાંથી નારણભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો.

ત્યારબાદ મૃતદેહને દીવની સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. જ્યાં પોસ્ટમોર્ટમની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર મામલે જરૂરી કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સંઘપ્રદેશ પ્રશાસનનો નિર્ધારઃ...**

**દાદરા નગર હવેલી સમાન ગતિઃ-**

તે જ સમયે, દાદરા નગર હવેલીમાં આરોગ્ય સચિવ શ્રી અસ્કર અલીએ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિશા ભવર અને સેલવાસ નગરપાલિકા પ્રમુખ શ્રી સોમનાથ અધિકાર દેવરે સાથે મળીને અભિયાનનો પ્રારંભ કર્યો. લોકપ્રતિનિધિઓ, શિક્ષકો, આરોગ્ય કર્મચારીઓ અને આંગણવાડી કાર્યકરોની ઉપસ્થિતિમાં યોજાયેલા સેલવાસના પ્રારંભમાં ૧૩૩ લાભાર્થીઓની નોંધણી થઈ – જે બંને જિલ્લાઓમાં એક જ દિવસમાં થયેલી સૌથી મોટી નોંધણી છે અને પ્રદેશમાં સુલભ તપાસ સેવાઓ પ્રત્યેના વધતા ઉત્સાહનો પ્રારંભિક સંકેત છે.

**નિવારણમાં મૂળિયાં ધરાવતું વિઝન, એક વ્યક્તિગત બનેલું મિશન**

આ અભિયાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના એ વિઝનમાંથી પ્રેરણા લે છે જે વધુ સ્વસ્થ અને આત્મનિર્ભર ભારતની કલ્પના કરે છે – જ્યાં નિવારક સંભાળ નાગરિકો સુધી રોગ સંકટમાં ફેરવાય તે ઘણાં સમય પહેલાં જ પહોંચી જાય. આ વિઝન કેન્દ્રશાસિત પ્રદેશમાં પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના નેતૃત્વ હેઠળ મક્કમ અભિવ્યક્તિ પામ્યું છે, જેમના સતત પ્રયાસોએ ડીએનએચ એન્ડ ડીડીના આરોગ્ય માળખાને મજબૂત બનાવ્યું છે અને વિશેષજ્ઞ, જીવનરક્ષક તપાસ સેવાઓ નાનામાં નાના ગામ અને વોર્ડની મહિલાઓ સુધી પહોંચાડી છે.

શ્રી પટેલ માટે આ અભિયાન માત્ર એક નીતિગત પ્રાથમિકતા નથી – તે વ્યક્તિગત છે. પોતાની પત્નીને સ્તન કેન્સરથી ગુમાવ્યા બાદ, તેમણે એવો સંકલ્પ વ્યક્ત કર્યો છે કે આ કેન્દ્રશાસિત પ્રદેશમાં હવે કોઈ પણ પરિવારે મોડા નિદાનની વેદના, અથવા માત્ર તપાસ સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે થતા અન્યાયનો સામનો ન કરવો પડે. આ સંકલ્પ હવે એક જાહેર પ્રતિબદ્ધતામાં ફેરવાયો છે. ડીએનએચ એન્ડ ડીડીમાં પાત્ર મહિલાઓ માટે ૧૦૦ ટકા તપાસ કવરેજ, જે ધીમે ધીમે નહીં પરંતુ તાત્કાલિક ધોરણે હાંસલ કરવામાં આવશે.

**વહેલી ઓળખ શા માટે જીવન બચાવે છે**

આ અભિયાન પાછળનો તબીબી તર્ક સ્પષ્ટ છે. સ્તન કેન્સર, જ્યારે પ્રારંભિક, સ્થાનિક તબક્કે ઓળખાય – એટલે કે તે સ્તનની બહાર ફેલાય તે પહેલાં – ત્યારે તે સૌથી વધુ સારવાર-યોગ્ય કેન્સરમાંનું એક છે, જેમાં જીવિત રહેવાનો દર ૯૦ ટકાથી વધુ હોય છે અને સૌથી પ્રારંભિક તબક્કાઓમાં તે લગભગ સંપૂર્ણ સાજા થવાની નજીક પહોંચે છે. નિયમિત તપાસનો હેતુ બરાબર આ જ છે. મેમોગ્રામ કોઈ પણ શારીરિક લક્ષણ દેખાય તે ઘણાં સમય પહેલાં જ સ્તનની પેશીઓમાં થતા ફેરફારો ઉજાગર કરી શકે છે. વહેલી ઓળખ માત્ર જીવન જ નથી બચાવતી, પરંતુ તે શારીરિક, ભાવનાત્મક અને આર્થિક બોજને પણ ટાળે છે જે કેન્સરની અંતિમ તબક્કાની સારવાર પરિવાર પર લાદે છે. વિશ્વભરની આરોગ્ય પ્રણાલીઓમાં પુનરાવર્તિત થયેલ આ જ પુરાવો છે, જે આરોગ્ય વિભાગની એ માન્યતાનો આધાર છે કે આટલા મોટા પાયાનું તપાસ અભિયાન કોઈ વૈકલ્પિક માળખું નથી – તે એક નૈતિક ફરજ છે.



**ટેકનોલોજીઃ ઘર આંગણેથી નિદાન સુધીની કરોડરજ્જુ**

આ અભિયાનને એક સામાન્ય આરોગ્ય શિબિરથી અલગ પાડતી બાબત તેની પાછળ શાંતિથી કાર્યરત ડિજિટલ માળખું છે. સામુદાયિક આરોગ્ય કાર્યકરો – આશા, એએનએમ અને સીએચઓ – પાત્ર મહિલાઓને ઓળખવા, તેમને સ્થળ પર જ પરામર્શ આપવા, તેમની સંમતિ મેળવવા અને તેમની હોસ્પિટલ મુલાકાત નક્કી કરવા માટે હાલના ડીડીડી-પબ્લિક હેલ્થ મેનેજમેન્ટ પ્લેટફોર્મ (પીએચએમપી) મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરે છે, આ તમામ કામગીરી ક્ષેત્રમાં જ થાય છે. આ માહિતી લાઈવ એપીઆઈ મારફતે તરત જ પ્રદેશભરની હોસ્પિટલો દ્વારા વપરાતા ભાવના કેન્સર કેર પોર્ટલમાં પહોંચે છે. જ્યાં સુધી મહિલા પોતાની જિલ્લા હોસ્પિટલ અથવા મેડિકલ કોલેજ પહોંચે છે, ત્યાં સુધીમાં તેનો રેકોર્ડ ચકાસાયેલો હોય છે અને ટોકન પહેલેથી જ જનરેટ થયેલું હોય છે – ન કોઈ ફોર્મ ફરીથી ભરવું પડે છે, ન કતારોમાં સમય બગડે છે. આ એક નાની ટેકનિકલ વ્યવસ્થા છે, પરંતુ તેનો હેતુ ઘણો મોટો છે. એ સુનિશ્ચિત કરવું કે જ્યારે કોઈ મહિલા તપાસ કરાવવાનો નિર્ણય લે, ત્યારે વ્યવસ્થાનું કોઈ પણ પાસું તેના માર્ગમાં અવરોધ ન બને.

**મહત્ત્વાકાંક્ષાને અનુરૂપ માળખાનું નિર્માણ**

આ ડિજિટલ પ્રક્રિયા પાછળ ક્લિનિકલ ક્ષમતાનું ખરું વિસ્તરણ છે. બે અત્યાધુનિક મેમોગ્રાફી મશીનો હવે કાર્યરત છે – એક દમણમાં અને એક દાદરા નગર હવેલીમાં – અને નજીકના ભવિષ્યમાં ડીએનએચ અને દીવ માટે વધુ બે એકમો આયોજિત છે. અભિયાન હેઠળ આગળ આવતી દરેક મહિલાની વ્યાપક, બહુ-તબક્કાની તપાસ કરવામાં આવે છે.

- ઊંચાઈ, વજન, કમરનો ઘેરાવો, બ્લડ પ્રેશર અને બ્લડ સુગરનું પ્રારંભિક મૂલ્યાંકન.
- મુખ્ય બિન-સંચારી રોગો અને સામાન્ય મેલિગ્નન્સીઝ માટે લક્ષિત નિદાનાત્મક તપાસ, જેમાં ખાસ કરીને મુખ, સ્તન અને સર્વાઈકલ કેન્સર પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.
- ક્લિનિકલ સ્તન તપાસ, અને જરૂર જણાય ત્યાં ત્યારબાદ મેમોગ્રાફી.
- નિર્ધારિત તબીબી પ્રોટોકોલ મુજબ સર્વાઈકલ પેપ સ્મીયર તપાસ.
- આહાર, શારીરિક પ્રવૃત્તિ, તમાકુથી દૂર રહેવા અને લાંબા ગાળાના આરોગ્યને અસર કરતા અન્ય પરિવર્તનક્ષમ જોખમી પરિબળો અંગે નિવારક પરામર્શ.

**ડીએનએચ એન્ડ ડીડીની મહિલાઓને અપીલ**

આરોગ્ય વિભાગ અને ભાવના સેવા ટ્રસ્ટ એક સીધી અને હૃદયસ્પર્શી અપીલ કરે છે, આ કેન્દ્રશાસિત પ્રદેશમાં ૩૦ વર્ષ અને તેથી વધુ ઉંમરની દરેક મહિલાનો આ અભિયાનમાં હિસ્સો છે અને સ્થાન પણ છે. પુરાવા સ્પષ્ટ છે અને પ્રોત્સાહક પણ – વહેલા પકડાયેલા કેન્સર અને બિન-સંચારી રોગો, મોટાભાગના કિસ્સાઓમાં, એવા રોગો છે જેની સફળતાપૂર્વક સારવાર થઈ શકે છે, ઘણીવાર મોડા નિદાનની સાથે આવતી પીડા વિના. માત્ર થોડા કલાકોની એક તપાસ મુલાકાત, વહેલી સારવાર અને એવા નિદાન વચ્ચેનો તફાવત બની શકે છે જે ખૂબ મોડું આવે અને પછી એ જ વિકલ્પો ન આપી શકે.

મહિલાઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે કે તેઓ પોતાના સ્થાનિક આશા અથવા એએનએમ કાર્યકર સાથે વાત કરે, જેઓ પરામર્શ આપી શકે છે અને દમણ અથવા સેલવાસ સ્થિત નમો હોસ્પિટલમાં નિઃશુલ્ક તપાસ માટે મુલાકાત ગોઠવવામાં મદદ કરી શકે છે. કોઈ પણ મહિલાએ કેન્સરનો સામનો એકલા ન કરવો જોઈએ, અને દાદરા નગર હવેલી અને દમણ અને દીવમાં કોઈ પણ પરિવારે તેનો સામનો ખૂબ મોડો ન કરવો જોઈએ. સાથે મળીને – નાગરિક, સામુદાયિક કાર્યકર અને વહીવટીતંત્ર – આ કેન્દ્રશાસિત પ્રદેશ પોતાની મહિલાઓ માટે કેન્સર સામે દેશના કોઈ પણ ભાગે ઊભું કરેલું હોય તેના કરતાં વધુ મજબૂત રક્ષા કવચ ઊભું કરી શકે છે.

‘બાલાખાડી કા રાજા’ સાર્વજનિક ગણેશ મહોત્સવ પારડી શહેર દ્વારા

# દેશના લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું થયું આયોજન







**કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ૭૬ બોટલ રક્ત એકત્ર**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

ભારત દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૭૫માં જન્મદિવસ નિમિત્તે સમગ્ર ગુજરાત અવનવા કાર્યક્રમો આપી એમને જન્મદિવસની ભેટ આપી રહ્યું છે, ત્યારે પારડી બાલાખાડી સ્થિત ‘બાલાખાડી કા રાજા’ ગણેશ મહોત્સવ મંડળ દ્વારા પણ મંડળના યુવાનો અને મિત્રો દ્વારા માનવ આરોગ્ય સેવા કેન્દ્ર સંચાલિત બ્લડ બેન્ક દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી ૭૬ બ્લડ બોટલ એકત્ર કરી એમના ૨૫ વર્ષ સેવા સંકલ્પ અભિયાન દ્વારા જનસેવા થી દેશ સેવાના અભિયાનમાં તેઓના દીર્ઘાયું અને યશસ્વી જીવન માટે પ્રાર્થના કરી હતી

આજના આ કાર્યક્રમમાં પારડીના ધારાસભ્ય અને ગુજરાત કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, પૂર્વ નગરપાલિકા સદસ્ય શ્રીમતી નયનાબેન, વલસાડ જિલ્લા એસટી સેલ ઉપપ્રમુખ તથા પૂર્વ પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, શ્રી જેસીંગભાઈ ભરવાડ, શ્રી રમેશભાઈ પટેલ, નગરપાલિકા સદસ્ય પ્રિયંકાબેન પટેલ, શ્રી સંજયભાઈ બારીયા, સહીન પટેલ, શ્રી સતિષભાઈ ચૌહાણ, શ્રી તેજસભાઈ પટેલ, શ્રી વિવેકભાઈ પટેલ, શ્રી પ્રભાતભાઈ પટેલ, શ્રી પીન્ટુભાઈ પટેલ સહિત મંડળના અનેક સભ્યોની મહા મહેનતને લઈ આજનો આ બ્લડ ડોનેશન કેમ સફળ રહ્યો હતો.

લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે

# પારડી શહેર ભાજપ સંગઠન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૭**

દેશના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી સમગ્ર દેશ કરી રહ્યો છે અને અલગ અલગ કાર્યક્રમો દ્વારા એમની જન્મદિવસની ઉજવણી કરી રહ્યો છે ત્યારે પારડી શહેર ભાજપ સંગઠન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું સુંદર આયોજન પારડી હાઈવે સ્થિત શ્રી ધીરુભાઈ સત્સંગ હોલ ખાતે રાખવામાં આવ્યું હતું. માનવ આરોગ્ય સેવા કેન્દ્ર સંચાલિત બ્લડ બેંકના સહયોગ આયોજિત આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૫૧ બોટલ એકત્ર કરવામાં આવી હતી.

પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ દ્વારા આયોજિત આ બ્લડ કેમ્પમાં કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ હાજર રહી પ્રેરણા પૂરી પાડી હતી અને અન્ય દાનવીરોએ બ્લડ ડોનેટ કરનારાને પ્રોત્સાહિત કરવા ગિફ્ટ પણ આપવામાં આવી હતી.

આજના આ બ્લડ ડોનેશન કેમ્પમાં કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, પારડી નગરપાલિકા પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઈ ભંડારી, બાંધકામ અધ્યક્ષ પ્રણવભાઈ દેસાઈ, આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, પારડી શહેર ભાજપ મહામંત્રી શ્રી ઝૂબીનભાઈ દેસાઈ, ટી.પી. ચેરમેન શ્રી શિરીષભાઈ પટેલ, વોટર વર્કસ ચેરમેન શ્રી જીગ્નેશભાઈ પટેલ, શ્રી દેવેનભાઈ શાહ, શ્રી પંકજભાઈ પટેલ, શ્રી મુન્નાભાઈ દેસાઈ, શ્રી અજીતભાઈ ભંડારી, શ્રી લાલજીભાઈ યાદવ, શ્રી અજયભાઈ પટેલ, શ્રી મનિષભાઈ મોબાઈલવાળા સહિત અનેક કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી આજનો બ્લડ ડોનેશન કેમ્પ સફળ બનાવ્યો હતો.

વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી કમલેશભાઈ પટેલ દ્વારા

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે પારડી શ્રી જગન્નાથ મંદિર ખાતે સુદર્શન ચક્ર યજ્ઞનું આયોજન કરાયું

**શ્રી જગન્નાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું પણ કરાયેલું આયોજનઃ ૫૭થી વધુ બોટલ બ્લડ એકત્ર**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૭**

પારડી ખાતે આવેલ એકમાત્ર શ્રી જગન્નાથ મંદિર ખાતે વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી કમલેશભાઈ ગજાનનભાઈ પટેલ દ્વારા ભારતના યશસ્વી લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મદિવસ નિમિત્તે તેઓના દીર્ઘાયુ અને યશસ્વી જીવન માટે ભગવાન શ્રી જગન્નાથ મંદિર ખાતે સુદર્શન ચક્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી શ્રી કમલેશભાઈ સહિત એમના પત્ની અનિતાબેન પણ જોડાયા હતા.

આ યજ્ઞની સાથે ગજાનન કોમ્પ્લેક્સ દમણીઝાંપા ખાતે એક બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૭ બોટલો બ્લડ એકત્ર કરી ખરા અર્થમાં વડાપ્રધાનશ્રીને જન્મદિવસની ભેટ આપવામાં આવી હતી

બ્લડ ડોનરોને દાતાઓ તરફથી સુંદર મજાની ગિફ્ટ આપી ઋણ અદા કરવામાં આવ્યું હતું. આજના સુદર્શન ચક્ર યજ્ઞ તેમજ બ્લડ ડોનેશન કેમ્પમાં વલસાડ ડાંગ સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, પારડીના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી, ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, મહામંત્રી શ્રી નિખિલભાઈ ચોકસી, વલસાડ જિલ્લા બક્ષીપંચ મોરચા ઉપપ્રમુખ શ્રી ચાર્લીશભાઈ ભંડારી, શ્રી બોનીભાઈ પટેલ, પારડી શહેર ભાજપ મહામંત્રી શ્રી ઝુબીનભાઈ દેસાઈ, શ્રી અલીભાઈ અન્સારી સહિત અનેક મહાનુભવો આ સુદર્શન ચક્ર યજ્ઞ તેમજ બ્લડ ડોનેશન કેમ્પમાં હાજર રહી આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ સલવાવ વાપી ખાતે ‘વિશ્વ ઓઝોન દિવસ’ની ઉજવણી કરાઈ




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સલવાવ વાપી ખાતે ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ‘વિશ્વ ઓઝોન દિવસ’ (World Ozone Day) ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી ચંદ્રવદનના માર્ગદર્શન અને વિજ્ઞાન શિક્ષક તનવીરભાઈ, બિન્દીબહેન અને હિતાલીબહેનનાં સફળ આયોજન હેઠળ યોજાયો હતો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (ગાંધીનગર)ની પ્રેરણા અનુસાર યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં પર્યાવરણ અને ઓઝોન સ્તરના રક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. શાળાના વિજ્ઞાન શિક્ષક તનવીરભાઈએ વર્ગખંડમાં કાળું પાટિયું (Black Board) પર ‘વિશ્વ ઓઝોન દિવસ ૨૦૨૬-૨૭’ વિષય અંકિત કરી વિદ્યાર્થીઓને ઓઝોન સ્તરનું મહત્વ, તેને થતું નુકસાન અને "Global Action for a Cooler Planet" થીમ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આચાર્યશ્રીએ ઓઝોન આપણને કેવી રીતે સુર્યમાંથી નીકળતા નુકશાનકારક કિરણોથી રક્ષણ આપે છે તે અંગે માહિતી આપી પૃથ્વી બચાવવા પર્યાવરણની જાળવણીનો સંકલ્પ લેવરાવ્યો હતો. વિદ્યાર્થીઓએ ઓઝોન સ્તર બચાવવાના સંદેશા આપતા ખૂબ જ સુંદર અને સર્જનાત્મક પોઝિટિવ પોસ્ટરો ('Save Ozone', પૃથ્વીનું રક્ષણ) તૈયાર કર્યા હતા.અને વિદ્યાર્થીઓએ પોતે બનાવેલા પોસ્ટરો સાથે શાળા કેમ્પસમાં શિસ્તબદ્ધ રીતે લાઈનમાં ઉભા રહીને ઓઝોન સ્તરના સંરક્ષણ માટે જાગૃતિનો સંદેશ પ્રસરાવ્યો હતો.

આ કાર્યક્રમ દ્વારા શાળાના વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યેની પોતાની જવાબદારી સમજીને ઓઝોન સ્તરને બચાવવા માટે સતત પ્રયત્નશીલ રહેવાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

# આરાધના ઈંગ્લિશ સ્કૂલ, ભિલાડ ખાતે ગણેશ ચતુર્થીના પર્વની શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહભેર ઉજવણી કરાઈ




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

આરાધના ઈંગ્લિશ સ્કૂલ, ભિલાડ ખાતે ગણેશ ચતુર્થીના પવિત્ર પર્વની શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ચેરપર્સન શ્રીમતી કૃષ્ણાસિંહ રૂપવિજયસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ગણપતિ બાપાની સ્થાપના, પૂજા-અર્ચના અને આરતી સાથે કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ



ભક્તિભાવપૂર્વક ગણેશજીની આરાધના કરી હતી. સમગ્ર શાળા પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.

આ કાર્યક્રમનું સંકલન કોઓર્ડિનેટર શ્રીમતી મૃદુલા સક્સેના દ્વારા કરવામાં આવ્યું હતું. ડિસિપ્લિન ઈન્ચાર્જ શ્રી યોગેન્દ્ર સરે કાર્યક્રમ દરમિયાન શિસ્ત અને વ્યવસ્થાની જવાબદારી સંભાળી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શિક્ષિકા શ્રીમતી જિગીષા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

શાળાના ચેરપર્સન શ્રીમતી કૃષ્ણાસિંહ રૂપવિજયસિંહ પરમારના માર્ગદર્શન અને સમગ્ર સ્ટાફના સહયોગથી ગણેશ ચતુર્થીની ઉજવણી આનંદમય અને સફળ રહી હતી. આ પ્રસંગે સૌએ ગણપતિ બાપાને પ્રાર્થના કરી હતી કે સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સદ્‌બુદ્ધિ જળવાઈ રહે.

વલસાડના સરદાર હાઈટસ ખાતે

# રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી નિમિત્તે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૭**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા નિયામકશ્રી આયુષ કચેરી, ગાંધીનગર દ્વારા પ્રેરિત તેમજ વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ વલસાડના તિથલ સ્થિત સરકારી દવાખાનાના મેડિકલ ઓફિસર ડો.ધર્મિષ્ઠા પટેલ દ્વારા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ૨૦૨૬ ‘Ayurved for healthier tomorrow’ ની ઉજવણી તથા પોષણ માસ નિમિત્તે સર્વરોગ નિદાન ચિકિત્સા કેમ્પનું આયોજન સરદાર હાઈટસ તિથલ રોડ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં તમામ પ્રકારના રોગોનું નિદાન કરી વિના મૂલ્યે દવા આપવામાં આવી હતી. સાથે જ અમૃતપેય વિતરણ કરવામાં આવ્યું હતું. પોષણ માસના અનુસંધાને લોકોને પોષક આહાર વિશે સમજણ આપી આહાર વિહાર અંગેના પેમ્પલેટનું વિતરણ કર્યું હતું. મોટી સંખ્યામાં લોકોએ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પને સફળ બનાવવા માટે ફાર્માસિસ્ટ દીપિકા પટેલ, સેવક ચૈતાલી બરોડિયા, સરદાર હાઈટ્સના પ્રમુખ શ્રી પરીચય દેસાઈ તથા ઉપપ્રમુખ શ્રી તુષારભાઈ માવાણીએ ભારે જહેમત ઉઠાવી હતી.

# વાપી કેબીએસ કોલેજની બે વિદ્યાર્થીનીઓની ઓલ ઈન્ડિયા ઈન્ટર-યુનિવર્સિટી ચેસ ચેમ્પિયનશિપ માટે પસંદગી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

વાપીની ચણોદ કોલોની સ્થિત કેબીએસ એન્ડ નટરાજ પ્રોફેશનલસાયન્સિસ કોલેજની બે પ્રતિભાશાળી મહિલા ચેસ ખેલાડીઓની રાષ્ટ્રીય કક્ષાની ‘ઓલ ઈન્ડિયાઈન્ટર-યુનિવર્સિટી ચેસ (મહિલા) ચેમ્પિયનશિપ’માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU), સુરતનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદગી કરવામાં આવી છે. પસંદગી પામેલી ખેલાડીઓમાં જ્યોતિ ગઢવી (એમ.કોમ.ભાગ-૨) અને દિવ્યા દાસ(એફ.વાય.બી.કોમ)નો સમાવેશ થાય છે. આ બંને વિદ્યાર્થીનીઓ રાજસ્થાનની જેજેટી યુનિવર્સિટી ખાતે યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં VNSGUનું પ્રતિનિધિત્વ કરશે.

આ પસંદગી વિદ્યાર્થીનીઓ અને કોલેજ માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ છે. તેમની સફળતા ચેસની રમત પ્રત્યેની તેમની નિષ્ઠા, સખત મહેનત અને સમર્પણભાવને દર્શાવે છે. દરેક ખેલાડીમિત્રોને તાલીમ તેમજ માર્ગદર્શન રમત-ગમતના મદદનીશ પ્રાધ્યાપક ડૉ.મયુર પટેલ તેમજ રમતના સહાયક શ્રી રોહિત સિંહ દ્વારા પૂરૂ પાડવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ.પૂનમ બી. ચૌહાણ, મેનેજમેન્ટ, અધ્યાપકો, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ જ્યોતિ ગઢવી અને દિવ્યા દાસને તેમની પસંદગી બદલ અભિનંદન પાઠવ્યા હતા અને આગામી રાષ્ટ્રીય કક્ષાની ચેમ્પિયનશિપમાં તેમની સફળતા માટે શુભેચ્છાઓ આપી હતી.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899/ સુરેશ ઉમતિયા - 98259 89444

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# લોકતંત્રમાં લોકહિત જ સર્વોપરિ છે

**લો**કતંત્રમાં લોકહિત સર્વોપરિ હોય છે. વિરોધપક્ષો સરકાર પર બારિક નજર રાખે છે અને લોકોના પ્રશ્નોને વિધાનસભામાં ઊઠાવીને સરકારને લોકહિત પ્રત્યે જાગૃત રાખે છે, તો સરકારના નિર્ણયોમાં સુધારા-વધારા સૂચવે છે, અને ઘણી વખત સરકારના નિર્ણયો સામે વિધાનસભામાં જ નહીં, જરૂર પડ્યે સડકો પર ઉતરીને પણ લોકતાંત્રિક ઢબે વિરોધ વ્યક્ત કરે છે. વિપક્ષો લોકોની માંગણીઓ જરૂરિયાતો સમસ્યાઓનો ગૃહમાં તો વાચા આપે જ છે, પરંતુ જ્યારે સરકાર દાદ દેતી ન હોય ત્યારે સડકો પર ઉતરીને સત્યાગ્રહો પણ કરતા હોય છે. આ તમામ મુદ્દે ઘણી વખત ઉભય પક્ષે રાજનીતિ પણ ખેલાતી હોય છે, તો ક્યારેક ઘમંડ અને ઈગોનો ટકરાવ સંઘર્ષ અને ઘર્ષણ પણ સર્જાતા હોય છે.

ગુજરાત વિધાનસભામાં જ્યારે જનહિતના બે બિલો સર્વાનુમતે પસાર થયા, ત્યારે એ પૂરવાર થયું કે આપણાં દેશમાં રાજ્ય સરકારો જ્યારે જનહિતને પ્રાધાન્ય આપતા નિર્ણયો લેવામાં સૌને વિશ્વાસમાં લઈને કાયદાઓ કે નીતિનિયમોમાં સુધારાવધારા કરે છે, ત્યારે વિપક્ષો પણ રાજનીતિને બાજુ પર રાખીને આ લોકલક્ષી નિર્ણયોનું સમર્થન કરતા હોય છે, જે આપણા લોકતંત્રની બુનિયાદી મજબૂતી પણ છે અને લોકશાહી શાસન વ્યવસ્થાની ખૂબસુરતી છે. બીજી તરફ વિપક્ષો માત્ર નકારાત્મક રાજનીતિ કરતા હોવાની માન્યતા પણ ખોટી ઠરે છે તો સરકારો લોકોની પરવાહ કર્યા વિના મનઘડંત રીતે કાયદા-પોલિસીઓમાં સુધારા-વધારા દર વખતે કરે છે, તેવી માન્યતા પણ ખોટી ઠરે છે. જરૂરી પડ્યે શાસકપક્ષ વિપક્ષો જનહિતમાં જે એકજુથતા દેખાડે છે, તે જ આપણાં લોકતંત્રની તાકાત છે. ગુજરાત વિધાનસભાનું ત્રિ-દિવસીય ચોમાસુ સત્ર ૧૮ કલાકથી વધુ ચાલ્યું અને તેમાં સાત સરકારી વિધેયકો પસાર થયા. આ દરમિયાન સરકાર અને વિપક્ષો વચ્ચે ટપાટપી પણ થઈ અને ૫૦ થી વધુ ધારાસભ્યોએ ચર્ચામાં ભાગ લીધો તો ૧૩૦૦ થી વધુ પ્રશ્નો ચર્ચાયા. પશુઆહાર બિલ દરમિયાન આમ આદમી પાર્ટીએ ભેળસળિયા પરિબળોના મુદ્દે સરકારને ઘેરી તો કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા રાષ્ટ્રગીત 'વંદે માતરત્'નો મુદ્દો વિશેષાધિકાર સમિતિને સોંપાયો. આ પ્રકારના વિવિધ મતભેદો તથા મતમતાંતરો છતાં લોકહિતના જે બિલો સર્વાનુમતે પસાર થયા, તેમાં લોકતંત્ર તથા લોકહિત સાથે સમજદારી દાખવીને સરકાર અને વિપક્ષોએ લોકતાંત્રિક અને બંધારણીય ભાવનાને વધુ બળવત્તર બનાવી હોવાની છાપ પણ ઉપસી છે, જે બિલોમાં સર્વાનુમતિ સધાઈ છે, તેને રાજ્યની જનતામાંથી પણ આવકાર સાંપડી રહ્યો છે. વિધાનસભામાં જે સાત બિલો પસાર થયા તેમાં ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વિધેયક તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સુધારા વિધેયક સરકારે બહુતીથી પસાર કરાવ્યા, જ્યારે જમીન ટૂકડા અને એકત્રિકરણ સુધારા વિધેયક, ગુજરાત ભાડા (ભાડુઆત) વિધેયક, જમીન મહેસુલ સુધારા વિધેયક અને પશુધન આહાર વિધેયક સર્વાનુમતે પસાર કરાયા છે. જો કે, રાજ્યમાં વરસાદ નહીંવત્ થયો, તે વિસ્તારોમાં દુષ્કાળ જાહેર કરવા, સિંચાઈ ઘાસચારો પૂરો પાડવા, વીજ પુરવઠો વધારવા તથા દેવામાફીના મુદ્દાઓને લઈને વિપક્ષોએ સરકાર પર તડાપીટ બોલાવી, તો સરકારે ખેડૂતોના હિતમાં શ્રેણીબદ્ધ પગલાં ઊઠાવાઈ રહ્યા હોવાનો દાવો કરીને આંકડાઓની માયાજાળ રજૂ કરી. બીજી તરફ રાજ્યનું દેવુ એક જ વર્ષમાં ૩૫,૬૩૬ કરોડનો તોતિંગ વધારો થયો છે, તેને લઈને ભૂપેન્દ્ર પટેલ સરકાર પર વિપક્ષોએ આકરા પ્રહારો કર્યા છે.

સરકારના જ આંકડાઓને ટાંકીને વિપક્ષોએ સરકારને ઈલેક્ટ્રીસિટી ડ્યુટીમાં વર્ષ ૨૦૨૫-૨૬માં સરકારને રૂા. ૧૨,૪૯૪ કરોડની તથા વેટમાંથી ૨૪,૭૮૫ કરોડની આવક થઈ હોવાનું જણાવી વિપક્ષોએ જંગી આવક છતાં કૃષિ શિક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે સરકારની ખામીઓ વર્ણવીને આકરા પ્રહારો કર્યા છે, તે ઉપરાંત વિપક્ષોએ ગૃહમાં સહકારી સંસ્થાઓનો રાજકીય દુરઉપયોગ, શિક્ષણ ક્ષેત્રે ખાલી પડેલી જગ્યાઓ, શિક્ષણની દુર્દશા ઉપરાંત 'કેગ'ના રિપોર્ટમાંથી નીકળેલા તારણોને લઈને સરકાર પર તડાપીટ બોલાવી હતી. તે ઉપરાંત કોંગ્રેસે બોગસ ડોક્ટરો, ફાયર સેફ્ટી, ફાયર સ્ટેશનો, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના વિધેયકની વિસંગતતાઓ વગેરે મુદ્દે પણ સરકારને ઘેરી હતી અને કેટલાક મુદ્દે જ્યારે ભાજપના ધારાસભ્યોએ પણ વિપક્ષની રજૂઆતોમાં સૂર પૂરાવાયો ત્યારે પૂરવાર થયું કે જનપ્રતિનિધિઓ લોકહિતના મુદ્દે રાજનીતિને બાજુ પર રાખીને પોતાનો અભિપ્રાય લોકલક્ષી ઢબે રજૂ કરવામાં અચકાતા નથી, તે સ્વસ્થ લોકતંત્રની ખૂબી પણ છે અને તાકાત પણ છે. સિક્કાની બીજી બાજુ એવી પણ છે કે ઘણી વખત પાર્ટીલાઈનથી અલગ અભિપ્રાય પછી જેતે પાર્ટીના આંતરિક મતભેદો સપાટી પર આવી જતા હોય છે. ઘણી વખત લોકોની તરફેણમાં પાર્ટીલાઈનથી અલગ અભિપ્રાય આપતા ધારાસભ્યો નેતૃત્વની આંખે પણ ચડી જતા હોય છે, જો કે એકંદરે ગુજરાતમાં લોકતાંત્રિક મૂલ્યોનું અનુસરણ તથા લોકહિતને પ્રાધાન્ય આપવામાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ 'હિંમત' દર્શાવી રહ્યા છે, તે ગુજરાતની 'સર્વજન હિતાય, સર્વજન સુખાય'ની ગરિમામય સંસ્કૃતિનો પણ પરિચય આપે છે, અને દેશના બંધારણની મૂળ વિભાવનાઓને પણ બળવત્તર બનાવે છે. આમ તો સાતમાંથી મહત્તમ બિલો સર્વાનુમતે પસાર થયા છે, પરંતુ એવા બે બિલો છે, જેમાં વિધાનસભામાં તો પક્ષ વિપક્ષ સંપૂર્ણપણે સહમત હતાં જ, પરંતુ રાજ્યની જનતામાંથી પણ આવકાર સાંપડી રહ્યો છે, જેમાં જમીન ટૂકડા અને એકત્રિકરણ બિલ તથા ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ નો સમાવેશ થાય છે. ભાડુઆત વિધેયક અથવા ભાડા વિધેયક ૨૦૨૬માં સુધારા-વધારા એટલા માટે જરૂરી હતાં કે આ કાયદાએ મુંબઈ ભાડા અને નિવાસ ગૃહ દર અધિનિયમ ૧૯૪૭નું સ્થાન લીધુ છે, જેમાં આઝાદીના ૭૫ વર્ષ પછી બદલાયેલા સંજોગો અને વર્તમાન જરૂરિયાતોને અનુરૂપ ફેરફાર કરાયા છે, જે બધાને પસંદ આવ્યા છે. આ બિલમાં ભાડુઆતોના હિતો સાથે મકાન માલિકોની ચિંતા પણ કરાઈ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. સર્વાનુમતે પસાર થયેલું બીજું બિલ જમીન ટૂકડા (ગુંઠા) અને એકત્રિકરણ સુધારા વિધેયક છે. આ બિલમાં આ પહેલા રાજ્ય સરકારે વટહુકમ બહાર પાડીને સુધારો કરાયો હતો, જેને હવે કાયદાના સ્વરૂપમાં માન્યતા મળી ગઈ છે. આ કાયદાની કલમ ૫ અને ૯માં સુધારો કરાયો હતો, તેથી વર્ષ ૧૯૪૮થી અત્યાર સુધીના જમીન ટૂકડા ધારા હેઠળના તમામ કેસોને દંડ ભર્યા વિના નિયમિત કરી શકાશે. રાજકીય મતભેદો કે વિચારધારાઓમાં ગમે તેટલો તફાવત હોય તો પણ જ્યારે જ્યારે શાસક પક્ષો અને વિપક્ષો લોકહિતને કેન્દ્રમાં રાખીને જ્યારે રાજનીતિને બાજુ પર રાખીને એકજુથતા દર્શાવે છે ત્યારે એવું જણાય છે કે આપણું લોકતંત્ર ઘણું જ મજબૂત છે અને તેના મૂળિયા એટલા ઊંડા છે કે તેને કોઈ તાકાત ડગાવી શકે તેમ નથી.

# ભગવાન શ્રી ગણેશનું મૂળ મસ્તક કાપ્યા પછી ક્યાં ગયું?



**તમને જાણીને આશ્ચર્ય થશે કે, ભગવાન ગણેશનું અસલી માથું આજે પણ એક ગુફામાં છે. માન્યતા છે કે, ભગવાન શિવે ગુસ્સામાં આવી ગણેશજીનું મસ્તક કાપી શરીરથી અલગ કરી દીધું હતું, તેને તેમણે એક ગુફામાં રાખ્યું હતું. આ ગુફાને પાતાળ ભુવનેશ્વરના નામે ઓળખવામાં આવે છે.**

**સ**નાતન ધર્મમાં ભગવાન શ્રી ગણેશજીને વિઘ્નહર્તા, બુદ્ધિદાતા અને ગણાધ્યક્ષ તરીકે પૂજવામાં આવે છે. તેમનું ગજાનન હાથીના મુખવાળું સ્વરૂપ અત્યંત પવિત્ર અને મંગળકારી માનવામાં આવે છે પરંતુ સનાતન શાસ્ત્રોનો અભ્યાસ કરતા એક અત્યંત રસપ્રદ અને ગૂઢ પ્રશ્ન સહજ રીતે જાગે છે કે 'ગણેશજીનું ધડ પર હાથીનું મસ્તક જોડવામાં આવ્યું તો તેમનું મૂળઅસલી માનવ મસ્તક ક્યાં ગયું?'

શાસ્ત્રોમાં વિશેષ કરીને શિવપુરાણ, બ્રહ્મવૈવર્ત પુરાણ અને સ્કંદ પુરાણમાં આ દિવ્ય ઘટના સાથે જોડાયેલી અલગ અલગ પૌરાણિક માન્યતાઓ અને ગૂઢ રહસ્યો દર્શાવવામાં આવ્યા છે.

**બ્રહ્મવૈવર્ત પુરાણની કથા:** શનિદેવની ક્રૂર દ્રષ્ટિ અને ચંદ્રલોક ગમન..

'બ્રહ્મવૈવર્ત પુરાણ'ના ગણેશ ખંડ અનુસાર ભગવાન ગણેશજીના જન્મ અને મસ્તક છેદન અંગે એક અનોખી કથા મળે છે.

**પુણ્યક વ્રત અને ગણેશ પ્રાગટ્ય:** માતા પાર્વતીએ પુત્રપ્રાપ્તિ માટે અત્યંત કઠોર 'પુણ્યક વ્રત' કર્યું હતું, જેના પરિણામે ભગવાન શ્રી હરિ વિષ્ણુના અંશથી બાલ ગણેશજીનું દિવ્ય પ્રાગટ્ય થયું. બાળકના જન્મના આનંદમાં કૈલાસ પર બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર, સૂર્ય અને શનિદેવ સહિત તમામ દેવ દ્વારા ઉત્સવ મનાવવામાં આવ્યો. શનિદેવ પણ ગણેશજીના દર્શન કરવા આવ્યા પરંતુ તેઓ પોતાનું મસ્તક નીચું રાખીને ઊભા રહ્યા. માતા પાર્વતીએ શનિદેવને તેનું કારણ પૂછ્યું ત્યારે શનિદેવે જણાવ્યું કે તેમની પત્નીના શાપના કારણે જે પણ વ્યક્તિ પર તેમની સીધી દ્રષ્ટિ પડશે તેનું મસ્તક તુરંત ધડથી અલગ થઈ જશે.

માતા પાર્વતીના આગ્રહથી જેવા શનિદેવે બાળગણેશ તરફ દ્રષ્ટિ કરી તે જ ક્ષણે ગણેશજીનું અસલી મસ્તક ધડથી અલગ થઈને આકાશ તરફ ઊડી ગયું અને ભગવાન શ્રી હરિના 'ગોલોક' ધામ અથવા 'ચંદ્રલોક'માં વિલીન થઈ ગયું.

શાસ્ત્રીય માન્યતા અનુસાર ગણેશજીનું મૂળ તેજ અને મસ્તકના અંશ ચંદ્રમામાં સ્થિત થવાને કારણે જ દરેક મહિને આવતી સંકષ્ટ ચતુર્થી સંકટ ચોથના દિવસે પૂજા બાદ રાત્રિના સમયે ચંદ્ર દર્શન કરીને તેમને અર્ઘ્ય અર્પણ કરવાની ધાર્મિક પરંપરા શરૂ થઈ. આ દિવસે ચંદ્રમાની પૂજા કરવાથી ગણેશજીની સીધી કૃપા પ્રાપ્ત થાય છે.

**શિવ પુરાણની કથા:** માતા પાર્વતીનું ઉબટન અને શિવજીનો ક્રોધ..

'શિવ પુરાણ' રૂદ્ર સંહિતાકુમાર ખંડ અનુસાર ગણેશજીના પ્રાગટ્ય અને મસ્તકછેદનની સૌથી પ્રસિદ્ધ કથા જોઈએ તો, એકવાર માતા પાર્વતી સ્નાન કરવા જઈ રહ્યાં હતાં. તેમણે પોતાના શરીર પર લગાવેલા



પવિત્ર ઉબટનમેલ/ચંદનમાંથી એક સુંદર, શક્તિશાળી અને સર્વલક્ષણ સંપન્ન બાળકની આકૃતિ બનાવી અને તેમાં પ્રાણ પૂરીને તેને પોતાના પુત્ર તરીકે સ્વીકાર્યો.

માતા પાર્વતીએ તે પુત્રને પોતાના ભવનના દ્વારપાળ બનાવી એક દંડલાઠી આપીને આદેશ આપ્યો કે 'મારી આજ્ઞા વિના કોઈપણ વ્યક્તિ અંદર પ્રવેશ કરી શકવી જોઈએ નહીં.' થોડીવાર પછી ભગવાન શિવ ત્યાં આવ્યા. ગણેશજી શિવજીથી અજ્ઞાત હોવાથી તેમણે શિવજીને દ્વાર પર જ રોકી લીધા. શિવજીએ કહ્યું કે તેઓ પાર્વતીના પતિ છે અને આ તેમનું જ ઘર છે છતાં પણ ગણેશજીએ માતાની આજ્ઞાનું પાલન કરતાં તેમને અંદર જતાં અટકાવ્યા અને લાઠીથી પ્રહાર કર્યો. આથી ક્રોધિત થઈને ભગવાન શિવે પોતાના ત્રિશૂળ વડે ગણેશજીનું મસ્તક કાપી નાખ્યું. જ્યારે માતા પાર્વતીને આ વાતની ખબર પડી ત્યારે તેઓ આદિશક્તિના ક્રોધિત રૂપમાં આવી ગયા અને સમગ્ર સૃષ્ટિમાં હાહાકાર મચી ગયો. માતાજીને શાંત કરવા માટે શિવજીના આદેશથી શિવગણો ઉત્તર દિશા તરફ ગયા અને પ્રથમ મળેલી ગજહાથીના બચ્ચાની ગરદન કાપી મસ્તક લઈ આવ્યા. શિવજીએ તે ગજમુખ ગણેશજીના ધડ પર જોડીને તેમને પુનર્જીવિત કર્યા અને ગણપતિ તથા પ્રથમ પૂજ્યનું વરદાન આપ્યું.

**અસલી મસ્તકનું રહસ્ય:** સ્કંદ પુરાણ અને 'પાતાળ ભુવનેશ્વર' ગુફા..

શિવ પુરાણ કે અન્ય ગ્રંથોમાં જ્યારે શિવજીના ત્રિશૂળ વડે મસ્તક કપાયું ત્યારે સવાલ એ ઊભો થાય છે કે તે મૂળ મસ્તક ક્યાં ગયું? સ્કંદ પુરાણમાં દર્શાવેલી લોકમાન્યતા અને ઉત્તરાખંડના પીથોરાગઢ જિલ્લામાં આવેલી પવિત્ર 'પાતાળ ભુવનેશ્વર' ગુફા સાથે આ ઘટનાનો ગૂઢ સંબંધ છે. પૌરાણિક કથા અનુસાર ભગવાન શિવે ગણેશજીનું મૂળ કાયાનું મસ્તક કપાયા બાદ તેને આ દિવ્ય ગુફાની અંદર સુરક્ષિત સ્થાપિત કરી દીધું હતું. આ ગુફાની અંદર ગણેશજીના આડી શિલા સ્વરૂપ મસ્તકની ઉપર ૧૦૮ પાંખડીઓવાળું પથ્થરનું બ્રહ્મકમળ બનેલું છે. આ બ્રહ્મકમળમાંથી નિરંતર દિવ્ય જળની ધારા ગણેશજીના મૂળ મસ્તક પર અભિષેકરૂપે ટપકે છે. એવું માનવામાં આવે છે કે ગણેશજીનું આદિ માનવ મસ્તક આજે પણ આ પાતાળ ભુવનેશ્વર ગુફામાં અદ્રશ્ય અને સચેત રૂપે વિરાજમાન છે જેની પૂજા કરવાથી સાધકને અષ્ટ સિદ્ધિ અને નવ નિધિની પ્રાપ્તિ થાય છે.



**પાતાળ ભુવનેશ્વરમાં રહેલી ગણેશજીની મૂર્તિને આદી ગણેશના નામથી ઓળખવામાં આવે છે. માન્યતા છે કે, કલીયુગમાં આ ગુફાની શોધ આદિશંકરાચાર્યએ કરી હતી. આ ગુફા ઉત્તરાકંડના પિથૌડાગઢના ગંગોલીહાટથી ૧૪ કિમી દૂર પર સ્થિત છે.**

ભગવાન શ્રી ગણેશજીની આ દિવ્ય લીલા કેવળ એક ઘટના નથી પરંતુ તેની પાછળ ગૂઢ આધ્યાત્મિક સંદેશ રહેલો છે..

**ચંદ્રલોક સાથે સંબંધ:** ગણેશજીનું અસલી મસ્તક ચંદ્રલોકમાં જવાથી સંકષ્ટ ચતુર્થીની પૂજામાં ચંદ્રદર્શનનું વિશેષ મહત્ત્વ બન્યું.

**પાતાળ ભુવનેશ્વરનું રહસ્ય:** પૃથ્વી પર તેમની આદિ કાયાનું શિર ઉત્તરાખંડની પવિત્ર કંદરાઓમાં શિવકૃપાથી સુરક્ષિત છે.

**અહંકારનો ત્યાગ અને બુદ્ધિનો સ્વીકાર:** ગણેશજીનું માનવ મસ્તક જે સામાન્ય બુદ્ધિ અને અહંકારનું સંકેતક હતું હટીને ગજાનન અસીમ જ્ઞાન, સૂક્ષ્મ દ્રષ્ટિ અને ગંભીરતા સ્વરૂપ ધારણ કરવું એ દર્શાવે છે કે ઈશ્વરીય માર્ગ પર ચાલવા માટે મનુષ્યે ક્ષુદ્ર અહંકારનો ત્યાગ કરી મહાન જ્ઞાનને ધારણ કરવું પડે છે.

**આલેખન: કુ. લક્ષ્મી દુબે નિરંકારી**

# ભગવાન ગણેશના પ્રસિદ્ધ ભક્ત મોરીયા ગોસાવીનું જીવનચરિત્ર



**સ**નાતન ભારતીય આધ્યાત્મિક ધારામાં ભગવાન ગણેશની ઉપાસનાનું સ્થાન અત્યંત ઉચ્ચ અને સર્વોપરી છે. જ્યારે પણ દેશમાં વિશેષ કરીને મહારાષ્ટ્રમાં ગણેશોત્સવ કે કોઈપણ પવિત્ર પ્રસંગે ભગવાન ગણેશની આરાધના થાય છે ત્યારે પ્રત્યેક ભક્તના મુખેથી એક જ



**પ્રાસંગિક**

**વિનોદભાઈ માછી નિરંકારી**

**નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ**

**(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫**

જયઘોષ ગૂંજી ઊઠે છે 'ગણપતિ બાપ્પા મોરિયા, મંગલમૂર્તિ મોરિયા!'

આ જયઘોષમાં આવતો 'મોરિયા' શબ્દ એ કેવળ કોઈ સાધારણ શબ્દ નથી પરંતુ ગણપત્ય સંપ્રદાયના યુગપુરુષ, પરમ સિદ્ધ સાધક અને ભગવાન ગણેશના સાક્ષાત્ અંશાવતાર ગણાતા સંત ભક્ત મોરીયા ગોસાવીનું પાવન નામ છે. ભક્ત મોરીયા ગોસાવીના પવિત્ર જીવનચરિત્ર આપણને સમજાવે છે કે એક સાચો ભક્ત પોતાની નિષ્કામ ભક્તિ વડે ઈશ્વરને પણ પોતાના પ્રેમપાશમાં કેવી રીતે બાંધી શકે છે.

**માતાપિતાનું કઠોર તપ અને દિવ્ય જન્મ..**

ભક્ત મોરીયા ગોસાવીના પૂર્વજો કર્ણાટકના બીદર પ્રદેશના નિવાસી હતા, તેમના પિતાનું નામ શાલીગ્રામ ભટ્ટ કે વામન ભટ્ટ અને માતાનું નામ પાર્વતીબાઈ ઉર્ફે શકુંતલાબાઈ હતું. આ દંપતી અત્યંત ધર્મપરાયણ, સદાચારી અને ભગવાન ગણેશનું પરમ ભક્ત હતું. સંસારી સુખો હોવા છતાં દંપતીના હૃદયમાં પુત્રહીનતાનું દુઃખ હતું.

આત્મકલ્યાણ અને શ્રેષ્ઠ સંતતિની પ્રાપ્તિ માટે તેમણે પોતાનું મૂળ સ્થાન છોડીને મહારાષ્ટ્રના મોરગાંવ જ્યાં અષ્ટવિનાયકમાં પ્રથમ ગણાતા શ્રી મયૂરેશ્વરનું મંદિર સ્થિત છે ત્યાં નિવાસ કરવાનો નિર્ણય કર્યો. શાલીગ્રામ ભટ્ટે મોરગાંવમાં ભગવાન મયૂરેશ્વરના ચરણોમાં પોતાની જાતને અર્પિત કરી દીધી, તેમણે વર્ષો સુધી કઠોર ઉપવાસ, જપ અને અન્નજળનો ત્યાગ કરીને ભગવાન ગણેશની આરાધના કરી. તેમના આ નિષ્કામ અને અખંડ તપથી પ્રસન્ન થઈને એક રાત્રે ભગવાન શ્રી મયૂરેશ્વરે શાલીગ્રામ ભટ્ટને સ્વપ્નમાં દર્શન આપ્યા અને વરદાન આપ્યું કે..

'હે ભક્ત! તારી નિષ્ઠાથી હું અત્યંત પ્રસન્ન છું. તારા ઘરે મારો જ એક દિવ્ય અંશ પુત્રરૂપે જન્મ લેશે, જે સંસારમાં મારી ભક્તિનો અપ્રતિમ પ્રચાર કરશે અને તેના નામ સાથે મારૂં નામ સદા માટે જોડાઈ જશે.' ભગવાનના આ દિવ્ય વરદાનના ફળસ્વરૂપે ભાદરવા સુદ ચોથ ગણેશ ચતુર્થીના અત્યંત પવિત્ર દિવસે પાર્વતીબાઈના ગર્ભથી એક તેજસ્વી બાળકનો જન્મ થયો જેનું નામ 'મોરીયા' રાખવામાં આવ્યું.

**બાળપણસાધના અને ગુરૂકૃપા..**

બાળ મોરીયા નાનપણથી જ સામાન્ય બાળકો કરતાં સાવ અલગ હતા. તેમના મુખ પર એક અદ્ભુત દિવ્ય તેજ હતું. તેમને



રમતગમતમાં કે ભૌતિક આકર્ષણોમાં કોઈ રસ નહોતો. તેઓ કલાકો સુધી મોરગાંવના શ્રી મયૂરેશ્વર મંદિરમાં બેસીને ધ્યાનમગ્ન રહેતા હતા. પિતાના અવસાન બાદ મોરીયાની આધ્યાત્મિક તીવ્રતા બેવડાઈ ગઈ. સાધનાના માર્ગે આગળ વધવા માટે તેમણે પરમજ્ઞાની અને નાથ પરંપરાના સંત શ્રી નયનભારતી ગોસાવીને પોતાના આધ્યાત્મિક ગુરૂ બનાવ્યા હતા. ગુરૂ નયન ભારતીજીએ મોરીયાની ભક્તિ અને પાત્રતા જોઈને તેમને ગણેશ મંત્ર અને ગણપત્ય મહામંત્રની દીક્ષા આપી. ગુરૂની આદેશાનુસાર મોરીયાએ પુણે નજીક આવેલા થેર અને પવના નદીના કિનારે આવેલા કિંચવડ વર્તમાન ચિંચવડના ગહન જંગલોમાં જઈને અત્યંત કઠિન તપસ્યા શરૂ કરી. તેઓ દિવસ-રાત ઈન્દ્રિયનિગ્રહ કરીને ગણેશમંત્રનો જપ કરતા હતા. આ કઠોર તપના પરિણામે તેમને અનેક દિવ્ય અનુભૂતિઓ થઈ અને તેમની ગણના સિદ્ધ ભક્તોમાં થવા લાગી.

**મોરગાંવની પદયાત્રા અને વિઘ્નહર્તાની નિષ્ઠા..**

મોરીયા ગોસાવીની ભક્તિનો સૌથી મહત્ત્વપૂર્ણ નિયમ એ હતો કે તેઓ દર મહિને આવતી વિનાયકી ચતુર્થી અને સંકષ્ટ ચતુર્થીના દિવસે કિંચવડથી ચાલીને લગભગ ૯૦ કિલોમીટર દૂર આવેલા મોરગાંવ પહોંચતા હતા અને ત્યાં ભગવાન મયૂરેશ્વરના દર્શન કરીને પૂજન-અર્ચન કરતા હતા. ચોમાસું હોય, કડકડતી ઠંડી હોય કે ભારે તાપહોય, મોરીયાજીએ પોતાના આ નિયમમાં ક્યારેય ભંગ પડવા દીધો નહીં. દાયકાઓ સુધી તેમની આ પદયાત્રા અખંડ ચાલી. માર્ગમાં આવતી નદીઓ, હિંસક પશુઓ કે વિષમ પરિસ્થિતિઓ ક્યારેય તેમની ભક્તિને ડગાવી શકી નહીં. ભગવાન ગણેશ પોતે અદ્રશ્યરૂપે તેમની રક્ષા કરતા હતા.

**ભગવાન ગણેશનો સ્વપ્નમાં આદેશ અને ચિંચવડમાં પ્રાગટ્ય..**

સમય વીતતો ગયો અને મોરીયા ગોસાવી અત્યંત વૃદ્ધ થઈ ગયા. તેમના શરીરમાં શિથિલતા આવી ગઈ અને પગપાળા ચાલીને મોરગાંવ પહોંચવું અશક્ય બની ગયું.

- (વધુ પાના નં.૫ પર)

## સ્પોર્ટ્સ ન્યૂઝ

# વેસ્ટ ઈન્ડિઝ સિરીઝ માટે ભારતીય ટીમ જાહેર, રવિન્દ્ર જાડેજાની વાપસી

(સંપૂર્ણ સમાચાર સેવા) **નવી દિલ્હી, તા.૧૭**

વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણી માટે ભારતીય ODI અને T20 ટીમોની જાહેરાત કરવામાં આવી છે. આ શ્રેણીની શરૂઆત ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ત્રણ મેચની ODI શ્રેણી સાથે થશે, ત્યારબાદ ૬ ઓક્ટોબરથી પાંચ મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણી રમાશે. પસંદગીકારોએ ODI ટીમ માટે અનુભવ અને યુવાશક્તિ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે, જ્યારે T20 ટીમમાં આક્રમક અને યુવા ખેલાડીઓને પ્રાથમિકતા આપવામાં આવી છે.




ODI શ્રેણીમાં ભારતીય ટીમનું નેતૃત્વ શુભમન ગિલ કરશે, જ્યારે કેએલ રાહુલને વાઈસ-કેપ્ટન અને મુખ્ય વિકેટકીપરની જવાબદારી સોંપવામાં આવી છે. ટીમને રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજ ખેલાડીઓના અનુભવનો લાભ મળશે, જેઓ ટોપ ઓર્ડરને મજબૂતી આપશે. આ સાથે જ યશસ્વી જયસ્વાલ, ઋતુરાજ ગાયકવાડ અને ધ્રુવ જુરેલ જેવા યુવા પ્રતિભાશાળી ખેલાડીઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેનાથી બેટિંગ લાઈનઅપ વધુ મજબૂત અને સંતુલિત બની છે.

વન-ડે ટીમમાં ઓલ-રાઉન્ડર અને બોલિંગ વિભાગોમાં અનુભવી ખેલાડીઓ અને નવા ચહેરાઓનું સંતુલિત મિશ્રણ જોવા મળે છે. રવિન્દ્ર જાડેજા, નીતિશ કુમાર રેડ્ડી અને નમન ધીરનો ઓલ-રાઉન્ડર વિકલ્પો તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. કુલદીપ યાદવ સ્પિન આક્રમણની ધુરા સંભાળશે, જ્યારે મોહમ્મદ સિરાજ ફાસ્ટ બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરશે. તેની સાથે પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બ્રાર અને આકિબ નબી જેવા ઝડપી બોલરોને પોતાની છાપ છોડવાની શ્રેષ્ઠ તક મળશે.

દરમિયાન, શ્રેયસ અય્યર અને તિલક વર્માને T20 શ્રેણીની જવાબદારી સોંપવામાં આવી છે. T20 ટીમમાં વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, ઈશાન કિશન અને સંજુ સેમસન જેવા આક્રમક બેટ્સમેનોનો સમાવેશ થાય છે.

શિવમ દુબે અને નીતિશ કુમાર રેડ્ડી જેવા વિસ્ફોટક ઓલ-રાઉન્ડરો મિડલ-ઓર્ડર અને ફિનિશિંગની ભૂમિકામાં ટીમને મજબૂતી પ્રદાન કરશે.

T20 ફોર્મેટ માટેનું બોલિંગ આક્રમણ પણ ખૂબ જ વૈવિધ્યસભર છે. સ્પિન વિભાગમાં, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર અને રવિ બિશ્નોઈની ચોકડી પોતાની વિવિધતાભરી બોલિંગથી વિરોધી બેટ્સમેનોને મૂંઝવણમાં મૂકવા માટે તૈયાર છે. અર્શદીપ સિંહ ફાસ્ટ બોલિંગ આક્રમણનું નેતૃત્વ કરશે, જેને મયંક યાદવ અને પ્રિન્સ યાદવ જેવા ફાસ્ટ બોલરોનો સાથ મળશે.

રિષભ પંતને T20 કે ODIમાં તક મળી નથી. BCCIએ ઈરાની કપ માટે રેસ્ટ ઓફ ઈન્ડિયા ટીમની પણ જાહેરાત કરી છે, જેનું નેતૃત્વ પંત કરશે. તો જસપ્રીત બુમરાહને T20 અને ODI શ્રેણી માટે આરામ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, હાર્દિક પંડ્યા પણ રમી રહ્યો નથી.

પસંદગીકારો સામે સૌથી મોટો સવાલ હાર્દિક પંડ્યાની ફિટનેસનો પણ હતો. તેણે ૨૦૨૬ની IPL પછી કોઈ સ્પર્ધાત્મક ક્રિકેટ રમ્યું નથી. જૂનમાં અફઘાનિસ્તાન સામેની વન-ડે શ્રેણી માટે તેની પસંદગી કરવામાં આવી હતી, પરંતુ પગની ઈજાને કારણે શ્રેણી શરૂ થાય તે પહેલાં જ તે બહાર થઈ ગયો હતો. હવે, તેને વેસ્ટ ઈન્ડિઝ સામે પણ રમી શકશે નહીં.

પસંદગીકારોએ બે નવા ખેલાડીઓને તક આપી છે. ફાસ્ટ બોલર આકિબ નબી અને નમન ધીરને પ્રથમ વખત વન-ડે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.

જમ્મુ-કાશ્મીરના આકિબની શ્રીલંકા પ્રવાસ માટે ટેસ્ટ ટીમમાં પસંદગી કરવામાં આવી હતી, પરંતુ તેને ડેબ્યૂ કરવાની તક મળી નહોતી.

**ODI ટીમ:** શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, ઋતુરાજ ગાયકવાડ, કે.એલ. રાહુલ (વાઈસ-કેપ્ટન/વિકેટકીપર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બ્રાર, મોહમ્મદ સિરાજ, આકિબ નબી, યશસ્વી જયસ્વાલ, નમન ધીર.

**T20 ટીમ :** શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, ઈશાન કિશન (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), તિલક વર્મા (વાઈસ-કેપ્ટન), શિવમ દુબે, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, નીતિશ કુમાર રેડ્ડી, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ, મયંક યાદવ.

**વેસ્ટ ઈન્ડિઝનો ભારત પ્રવાસ:** ૧લી ODI: ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ (તિરુવનંતપુરમ), ૨જી ODI: ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ (ગુવાહાટી), ત્રીજી ODI: ૩ ઓક્ટોબર ૨૦૨૬ (ન્યુ ચંદીગઢ)

**5 T20:** ૧લી T20: ૬ ઓક્ટોબર ૨૦૨૬ (લખનૌ), બીજી T20: ૯ ઓક્ટોબર ૨૦૨૬ (રાંચી), ૩જી T20: ૧૧ ઓક્ટોબર ૨૦૨૬ (ઈન્દોર), ૪થી T20: ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ (હૈદરાબાદ), ૫મી T20: ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ (બેંગલુરુ)

## UPI ચાર્જ મુદ્દે નીતિ આયોગનું દોઢડહાપણ

# ૪૦ પૈસામાં કોઈ મરી નથી જવાનું, સરકાર બધુ મફતમાં ના આપી શકે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭:** કેન્દ્ર સરકાર દ્વારા UPIના મોટા વ્યવહારો પર ચાર્જ લગાવવાના નિર્ણયને લઈને દેશભરમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. જ્યાં કેટલાક વિશેષજ્ઞો તેને સરાહનીય પગલું માની રહ્યા છે, ત્યાં કેટલાક લોકો સામાન્ય જનતા પર નાણાકીય બોજ વધવાને કારણે તેની ટીકા કરી રહ્યા છે.




આ બધાની વચ્ચે નીતિ આયોગના વાઈસ ચેરમેન અશોક કુમાર લાહિરીનું એક મોટું નિવેદન સામે આવ્યું છે, જેમાં તેમણે આ નિર્ણયનું સમર્થન કરતા કહ્યું છે કે સરકાર ટેક્સ વસૂલ્યા વિના ચલાવી શકાતી નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર માત્ર સામાન્ય ચાર્જ વસૂલી રહી છે અને તેને ચૂકવવામાં લોકોને કોઈ મુશ્કેલી ન હોવી જોઈએ.

અશોક લાહિરીએ સ્પષ્ટ કર્યું છે કે આ તેમનું વ્યક્તિગત મંતવ્ય છે અને તે નીતિ આયોગનું અધિકારીક વલણ નથી. તેમણે કહ્યું કે, સરકાર દરેક લેણ-દેણ પર અનિશ્ચિત સમય માટે સબસીડી આપી શકે નહીં. પોતાની વાત સમજાવવા માટે તેમણે ચાણક્ય નીતિનું ઉદાહરણ આપતા કહ્યું કે, એક રાજાએ પોતાની પ્રજા પાસેથી ટેક્સ એ જ રીતે વસૂલવો જોઈએ જે રીતે ભમરો ફૂલને કોઈ નુકસાન પહોંચાડ્યા વગર ધીમે-ધીમે મધ એકઠું કરે છે.

તેમણે ૧૦૦ રૂપિયાના વ્યવહાર પર લાગનારા ૪૦ પૈસા જેવા સામાન્ય ચાર્જની સરખામણી ચેકબુક જેવી અન્ય બેંકિંગ સેવાઓ સાથે કરતા કહ્યું કે, આનાથી કોઈ મારી જવાનું નથી, પરંતુ વ્યવસ્થા ચલાવવા માટે આ ખર્ચ આપવાની આદત કેળવવી પડશે.

સરકાર આગામી ૧૫ ઓક્ટોબરથી વેપારીઓને કરવામાં આવતા ૨,૦૦૦ રૂપિયાથી વધુના UPI પેમેન્ટ પર ૦.૪ ટકા શુલ્ક (MDR) લાગુ કરવા જઈ રહી છે. જો કે, ૨૦૦૦ રૂપિયા સુધીના UPI લેણ-દેણ પર કોઈ ચાર્જ લાગશે નહીં અને આ શુલ્ક ગ્રાહકોને બદલે વેપારીઓએ ચૂકવવાનો રહેશે.

સરકારના આ નિર્ણય સામે હવે સુપ્રીમ કોર્ટમાં જનહિત અરજી દાખલ કરવામાં આવી છે. વકીલ અંજન દત્તા દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં ૧૪ સપ્ટેમ્બરની નોટિફિકેશન અને MDR વ્યવસ્થાને પડકારવામાં આવી છે. અરજીમાં દલીલ કરવામાં આવી છે કે આ વ્યવસ્થા મનસ્વી અને ભેદભાવપૂર્ણ છે, જેનાથી ઓછા માર્જિન પર કામ કરતા વેપારીઓ અને ગ્રાહકો પર મુશ્કેલીઓ વધી શકે છે તથા ડિજિટલ પેમેન્ટ પર પણ વિપરીત અસર પડી શકે છે.

## સેમિકોન ઇન્ડિયા ૨૦૨૬નું વડાપ્રધાન મોદી દ્વારા ઉદ્ઘાટન

# ભારતની સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ મજબૂત થઈ રહી છે : વડાપ્રધાન મોદી

### પીએમ મોદીએ મંચ પરથી કહ્યું કે, આખી દુનિયાનો ભારત પર વિશ્વાસ સતત વધી રહ્યો છે, ઘણી રેટિંગ એજન્સીઓએ ભારતને સારા રેટિંગ આપ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭**






સેમિકોન ઈન્ડિયા ૨૦૨૬ની શરૂઆત થઈ ચૂકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું છે. ત્રણ દિવસ ચાલનારો આ કાર્યક્રમ ૧૭ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર સુધી યોજાશે. આ ઈવેન્ટમાં ૫૨ દેશોની ૩૦૦થી વધુ કંપનીઓ સામેલ થવા જઈ રહી છે. આ કાર્યક્રમના ઉદ્ઘાટન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આખી દુનિયાનો ભારત પર વિશ્વાસ સતત વધી રહ્યો છે. ઘણી રેટિંગ એજન્સીઓએ ભારતને સારા રેટિંગ આપ્યા છે. તેમણે કહ્યું કે કોઈપણ દેશ માટે આટલા ઓછા સમયમાં પ્રગતિ કરવી સરળ નથી

પીએમ મોદીએ જણાવ્યું કે, ભારતની વિકાસયાત્રામાં ઘણા હિતધારકોએ મહત્વની ભૂમિકા ભજવી છે. તેમણે ભારતમાં ફેબલેસ કંપનીઓના વિકાસ (ફેબલેસ કંપનીઓના ગ્રોથ) પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે, ભારત AI ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, ભારતને યુવાનોનો પણ મોટો ફાયદો મળશે. આપણા દેશમાં એન્જિનિયરોનો વિશાળ સમુદાય છે. ભારત દર વર્ષે લાખોની સંખ્યામાં એન્જિનિયરો તૈયાર કરે છે. દેશમાં ચિપ ડિઝાઈનિંગ માટે મોટા પાયે સ્કિલિંગનું કામ ચાલી રહ્યું છે.

વડાપ્રધાને જણાવ્યું કે, સરકાર સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રી માટે એક લાખ વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું લક્ષ્ય લઈને ચાલી રહી છે. તેમણે સંશોધન કરી રહેલા યુવાનો (યુવા રિસર્ચર)ને આગળ આવવા માટે અપીલ કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે, આ સેક્ટરથી ભારતીય ઈન્ડસ્ટ્રીને પણ ફાયદો થશે. સાથે જ તેમણે સેમિકન્ડક્ટર ક્ષેત્ર સામેના પડકારોનો પણ ઉલ્લેખ કર્યો.

પીએમ મોદીએ જણાવ્યું કે, સેમિકન્ડક્ટર સેક્ટર માટે એનર્જી સિક્યુરિટી પણ એક મોટો વિષય છે. આવનારા દિવસોમાં વીજળીની માંગ વધશે અને ભારત તેના માટે તૈયાર છે. ભારત પાવર સેક્ટરમાં મોટા પાયે રોકાણ કરી રહ્યું છે. સાથે જ ભારત સ્મોલ મોડ્યુલર રિએક્ટર પર પણ કામ કરી રહ્યું છે. વડાપ્રધાને કહ્યું કે ભારત તે દરેક પગલું ભરી રહ્યું છે, જે તેને સેમીકન્ડક્ટરનું એક પ્રીફર્ડ ડેસ્ટિનેશન બનાવી રહ્યું છે.

સેમિકોન ઈન્ડિયા ૨૦૨૬માં ભારતીય કંપનીઓ, રોકાણકારો, રિસચર્સ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ ભારતમાં સહયોગ, રોકાણ અને પ્રતિભાના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. સેમિકોન ઈન્ડિયા ૨૦૨૬ની થીમ 'સિલિકોનથી સિસ્ટમ સુધી: ઈકોસિસ્ટમનું નિર્માણ' છે.

આ કાર્યક્રમમાં ૬૦૦થી વધુ કંપનીઓ અને સ્ટાર્ટઅપ્સ ભાગ લેશે. આશરે ૫૦ હજાર મુલાકાતીઓ પહોંચે તેવી અપેક્ષા છે. ૫૨ દેશોમાંથી ૪૦૦થી વધુ એક્ઝિક્યુટિવ્સ અને ૧૫૦થી વધુ સ્પીકર્સ પણ સામેલ થવાના છે.

સેમિકોન ઈન્ડિયા ૨૦૨૬ દરમિયાન સેમિકન્ડક્ટરની સંપૂર્ણ વેલ્યુ ચેનને પ્રદર્શિત કરવામાં આવશે. સેમિકન્ડક્ટર મટિરિયલ અને ચિપ ડિઝાઈનથી લઈને ફેબ્રિકેશન તથા એડવાન્સ્ડ પેકેજિંગ સુધીની સંપૂર્ણ પ્રક્રિયા દર્શાવવામાં આવશે. આ રીતે સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમની સમગ્ર સફર લોકોને જોવા મળશે. મળતી માહિતી મુજબ, આ વખતે 'સેન્ડ ટુ સિલિકોન ટુ સિસ્ટમ' વેલ્યુ ચેન એક્સપીરિયન્સ દ્વારા સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમની આ સમગ્ર સફર રજૂ કરવામાં આવશે. સેમિકોન ઈન્ડિયા ૨૦૨૬માં જાપાન, દક્ષિણ કોરિયા, મલેશિયા, નેધરલેન્ડ્સ, સિંગાપોર અને સ્વીડનનું પ્રતિનિધિત્વ કરતા છ કન્ટ્રી પેવેલિયન હશે. આ ઉપરાંત ૧૨ સ્ટેટ બૂથ, એક સ્ટાર્ટઅપ પેવેલિયન, ઈનોવેશન શોકેસ, સ્ટુડન્ટ હેકાથોન અને વર્કફોર્સ ડેવલપમેન્ટ પેવેલિયન પણ હશે.

સેમિકન્ડક્ટર એટલે અર્ધવાહક. તેને વીજળીના ટ્રાફિક કંટ્રોલર તરીકે સમજી શકાય છે. તેનો ઉપયોગ મોબાઈલ ફોનથી લઈને કાર સુધીના ઉપકરણોમાં થાય છે. આજના સમયમાં મોટાભાગની અદ્યતન મશીનોમાં ચિપસેટનો ઉપયોગ થાય છે. સેમિકન્ડક્ટર સામાન્ય રીતે સિલિકોનમાંથી તૈયાર કરવામાં આવે છે. સિલિકોનથી બનેલા વેફર પર અબજો નાના-નાના ટ્રાન્ઝિસ્ટર બનાવવામાં આવે છે. ત્યારબાદ આ ટ્રાન્ઝિસ્ટરની મદદથી પ્રોસેસર અને અન્ય ઈલેક્ટ્રોનિક ચિપ્સ તૈયાર કરવામાં આવે છે.

## સુરક્ષા દળોએ જૈશના ૨ આતંકીઓને કર્યા ઠાર

# જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં મોડી રાત્રે ભીષણ અથડામણ

### ઠાર કરાયેલા આતંકીઓ પાકિસ્તાન સ્થિત કશ્મીર ટાઈગર્સ સાથે સંકળાયેલા હતા : શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**જમ્મુ, તા.૧૭**

જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લાના મજાલતા વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે મોડી રાત્રે થયેલી ભીષણ અથડામણમાં બે આતંકીઓ ઠાર થયા છે. આ સફળ ઓપરેશન ૧૬ અને ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ ની વચ્ચેની રાત્રે હાથ ધરવામાં આવ્યું હતું. સુરક્ષાદળોને જંગલ વિસ્તારમાં આતંકીઓની શંકાસ્પદ હિલચાલ અંગે ચોક્કસ ગુપ્ત માહિતી મળી હતી. જેના આધારે વ્હાઈટનાઈટ કોર્પ્સ, જમ્મુ-કાશ્મીર પોલીસ અને સીઆરપીએફ દ્વારા સંયુક્ત રીતે આ ટાર્ગેટેડ કાઉન્ટર-ટેરરિઝમ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું.

ઠાર કરાયેલા બંને આતંકીઓ પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહમ્મદ (JeM) ના પ્રોક્સી સંગઠન કશ્મીર ટાઈગર્સ સાથે સંકળાયેલા હોવાનું મનાઈ રહ્યું છે. ખરાબ હવામાન, મુશ્કેલ ભૂપ્રદેશ અને ઓછી દ્રશ્યતા જેવા પડકારો હોવા છતાં સુરક્ષાદળોના જવાનોએ મોડી રાત્રે આ ઓપરેશનને અંજામ આપ્યો હતો.

અથડામણ બાદ ઘટનાસ્થળેથી આતંકીઓના શબ સાથે મોટા પ્રમાણમાં શસ્ત્રો અને દારૂગોળો પણ જપ્ત કરવામાં આવ્યો છે. આ વિસ્તાર લાંબા સમયથી જેએમ-સંબંધિત જૂથો માટે પારગમન માર્ગ તરીકે ઉપયોગમાં લેવાતો રહ્યો છે.

સુરક્ષાદળો દ્વારા હાલમાં સમગ્ર વિસ્તારમાં સઘન સર્ચ અને કોમ્બિંગ ઓપરેશન ચાલુ છે, જેથી આસપાસના જંગલોમાં છુપાયેલા અન્ય સંભવિત આતંકીઓને શોધીને ખતમ કરી શકાય. ઉલ્લેખનીય છે કે આ જ મજાલતા વિસ્તારમાં અગાઉ ફેબ્રુઆરી મહિનામાં પણ સમાન ઓપરેશન દરમિયાન બે શંકાસ્પદ આતંકીઓ માર્યા ગયા હતા. આ ઉપરાંત, આ ઘટનાના થોડા દિવસો પહેલા જ બડગામ જિલ્લામાં લશ્કર-એ-તૈયબા (LeT) ના એક ખતરનાક કમાન્ડરને પણ સુરક્ષાદળોએ ઠાર કર્યો હતો. રાષ્ટ્રીય સુરક્ષા અને કાયદો જાળવવા માટે સુરક્ષાદળોની આ કાર્યવાહી અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થઈ છે અને તેનાથી આતંકી સંગઠનોના મનસૂબા પર પાણી ફરી વળ્યું છે.

## પેટ્રોલ ઉપર ૧ અને ડીઝલ પર રૂપિયા ૫ ઘટ્યો ટેક્સ

# હવે ઘટશે પેટ્રોલ-ડીઝલનો ભાવ?

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭:** તેલ કંપનીઓ માટે મહત્વપૂર્ણ અને આવકારદાયક સમાચાર છે. કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) ની નિકાસ પર લાદવામાં આવતી 'સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી' (SAED) જેને 'વિન્ડફોલ ટેક્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે તેમાં મોટો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. નાણાં મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આદેશ બાદ, આ ઈંધણની નિકાસ કરતી કંપનીઓને મોટો ફાયદો થશે. સરકારે ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ની રાત્રે જાહેર કરાયેલા આદેશ દ્વારા તાત્કાલિક અસરથી નવા દરો લાગુ કર્યા. ખાસ કરીને, પેટ્રોલ પરની નિકાસ ડ્યુટી રૂ.૧.૫૦ પ્રતિ લિટરથી ઘટાડીને માત્ર રૂ.૦.૫૦ પ્રતિ લિટર કરવામાં આવી છે — એટલે કે પ્રતિ લિટર રૂ.૧નો ઘટાડો.

દરમિયાન, ડીઝલની નિકાસ કરતી કંપનીઓને સૌથી મોટી રાહત મળી છે. ડીઝલની નિકાસ પરનો કુલ ટેક્સ રૂ.૨૫ પ્રતિ લિટરથી ઘટાડીને રૂ.૨૦ પ્રતિ લિટર કરવામાં આવ્યો છે. અગાઉ, રૂ.૨૫ના ટેક્સમાં SAED અને રૂ.૧નો 'રોડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસ' (RIC) સામેલ હતો; સરકારે હવે RIC સંપૂર્ણપણે નાબૂદ કર્યો છે. ATF (એવિએશન ટર્બાઈન ફ્યુઅલ)ની નિકાસ પરનો વિન્ડફોલ ટેક્સ ઘટાડીને રૂ.૧૫ પ્રતિ લિટર કરવામાં આવ્યો છે.

જો તમે વિચારી રહ્યા હોવ કે શું આ નિર્ણયથી તમારા શહેરના પેટ્રોલ પંપ પર ઈંધણના ભાવ ઘટશે, તો એવું નથી. આ નિર્ણયની સ્થાનિક ગ્રાહકો પર કોઈ અસર થશે નહીં. દેશની અંદર વેચાતા પેટ્રોલ અને ડીઝલ પર લાગુ વર્તમાન એક્સાઈઝ ડ્યુટીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

**(પાંચમા પાનાનું ચાલુ)**

**ભગવાન ગણેશના ...**

એક વખત સંકષ્ટ ચતુર્થીના દિવસે અશક્તતાના કારણે તેઓ માર્ગમાં જ ઢળી પડ્યા. તેમની આંખોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. તેમણે અત્યંત આર્તભાવે ભગવાન ગણેશને પ્રાર્થના કરી કે..

'હે વિઘ્નહર્તા! હે મયૂરેશ્વર! મારો આ નાશવંત દેહ હવે આપના ચરણો સુધી પહોંચવામાં અસમર્થ છે પરંતુ જો મારા મનમાંથી આપના દર્શનની પ્યાસ છૂટી જશે તો મારો પ્રાણ નીકળી જશે.' ભક્તની આવી ઉત્કટ ભક્તિ જોઈને ભગવાન ગણેશનું હૃદય દ્રવી ઊઠ્યું, તે જ રાત્રે ભગવાન મયૂરેશ્વરે મોરીયા ગોસાવીને દિવ્ય દર્શન આપ્યા અને વાત્સલ્યપૂર્વક કહ્યું કે..

'હે મોરીયા! તારી સાધના અને અચળ ભક્તિથી હું પૂર્ણપણે તૃપ્ત થયો છું. હવે તારે મોરગાંવ સુધી આવવાની કોઈ જરૂર નથી. હવેથી હું પોતે જ તારી પાસે ચિંચવડમાં નિવાસ કરીશ. કાલે સવારે જ્યારે તું પવના નદીમાં સ્નાન કરીશ ત્યારે તને મારી એક દિવ્ય સ્વયંભૂ મૂર્તિ પ્રાપ્ત થશે. તું તેની સ્થાપના કરીને ત્યાં જ મારી સેવા કર. 'બીજા દિવસે સવારે જ્યારે ભક્ત મોરીયા ગોસાવીએ પવના નદીમાં જળમાં ડૂબકી લગાવી ત્યારે તેમના હાથમાં ભગવાન ગણેશની એક અત્યંત મનોહર, નાની સ્વયંભૂ મૂર્તિ આવી. મોરીયાજીના હર્ષનો કોઈ પાર ન રહ્યો, તેમણે તે મૂર્તિની સ્થાપના ચિંચવડમાં કરી. આ ઘટના બાદ ચિંચવડ એ ગણપત્ય સંપ્રદાયનું એક અત્યંત પાવન મહાપીઠ બની ગયું.

**દિવ્ય લીલાઓ અને લોક કલ્યાણ..**

ચિંચવડમાં સ્થાપિત થયા પછી ભક્ત મોરીયા ગોસાવીનું આશ્રમ ભક્તો અને સાધકો માટે આશાનું કેન્દ્ર બની ગયું. તેમના જીવન સાથે જોડાયેલા અનેક કલ્યાણકારી ચમત્કારો અનેક શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યા છે. એકવાર મોરીયાજીના આશ્રમે હજારો શ્રદ્ધાળુઓ અને સંતો પધાર્યા. આશ્રમમાં અન્ન અત્યંત ઓછું હતું. મોરીયા ગોસાવીએ ભગવાન ગણેશનું સ્મરણ કરીને ભોજનના પાત્ર પર વસ્ત્ર ઢાંકી દીધું અને ભંડારાની શરૂઆત કરી. ગણેશજીની કૃપાથી હજારો લોકોએ પેટ ભરીને ભોજન કર્યું છતાં અન્ન ખૂટ્યું નહીં.

મોરીયા ગોસાવી પ્રત્યેક જીવમાં ગણેશજીનું દર્શન કરતા હતા. પશુઓ, પક્ષીઓ અને ગરીબો પ્રત્યે તેમનો દયાભાવ અપ્રતિમ હતો. જે પણ શ્રદ્ધાળુ પોતાની આધ્યાત્મિક કે ભૌતિક સમસ્યાઓ લઈને તેમની પાસે આવતા મોરીયાજી તેમને કેવળ ભગવાન ગણેશના નામ સ્મરણનો માર્ગ બતાવતા અને તેમની કઠિન સમસ્યાઓ સહજતાથી દૂર થઈ જતી. સમાજ તેમને સાક્ષાત્ ગણેશ સ્વરૂપ માનવા લાગ્યો. લોકો જ્યારે મંદિરના ગર્ભમાં ગણેશજીના દર્શન કરતા અને બહાર આવીને ભક્ત મોરીયાના દર્શન કરતા ત્યારે તેમના મુખમાંથી સહજ શબ્દો નીકળતા 'ગણપતિ બાપ્પા મોરિયા!' એટલે કે' હે ગણપતિ બાપ્પા! તમારા પરમ ભક્ત મોરીયાનું કલ્યાણ કરનાર પ્રભુ આપનો વિજય હો!'

સંજીવન સમાધિ અને અમર વારસો.. પોતાના અવતારી કાર્ય અને ગણેશ ભક્તિના સર્વોચ્ચ શિખર પર પહોંચ્યા બાદ ભક્ત મોરીયા ગોસાવીએ સ્વૈચ્છાએ જીવતેજીવ સંજીવન સમાધિ લેવાનો નિર્ણય કર્યો. માગશર મહિનાના શુક્લ પક્ષની છઠ્ઠના પવિત્ર દિવસે ચિંચવડમાં પવના નદીના કાંઠે હજારો અશ્રુભીના ભક્તોની હાજરીમાં ભક્ત મોરીયા ગોસાવી ગણેશજીના ધ્યાનમાં સંપૂર્ણપણે લીન થઈને સમાધિસ્થ થયા.

સમાધિ લેતા પૂર્વે તેમણે પોતાના પુત્ર શ્રી ચિંતામણિ દેવ પ્રથમને ગણેશ ઉપાસનાની પરંપરા જાળવી રાખવા અને ચિંચવડ સંસ્થાનની સેવા કરવાનો આદેશ આપ્યો.

ભક્ત મોરીયા ગોસાવીના પરિવારની આ વંશપરંપરા 'દેવ સંસ્થાન' તરીકે પ્રસિદ્ધ થઈ, એવું માનવામાં આવે છે કે તેમના વંશજોમાં ભગવાન ગણેશનો દિવ્ય અંશ સતત કાર્યરત રહ્યો હતો. છત્રપતિ શિવાજી મહારાજ અને સમર્થ રામદાસ સ્વામી જેવા મહાન યુગપુરૂષો પણ ચિંચવડના દેવ પરિવાર અને મોરીયા ગોસાવીના સમાધિ સ્થળ પ્રત્યે અત્યંત પૂજ્યભાવ રાખતા હતા. ગણેશ ભક્ત મોરીયા ગોસાઈનું ચરિત્ર એ કેવળ એક ભક્તની કથા નથી પરંતુ ભારતીય શ્રદ્ધા અને સમર્પણની અમર ગાથા છે.

ઈશ્વર કોઈ ભૌગોલિક સીમાઓ કે બાહ્ય આડંબરોથી નથી મળતા પરંતુ નિષ્કામ હૃદય અને અચળ શ્રદ્ધાથી પ્રાપ્ત થાય છે. જ્યારે ભક્ત પોતાના અહંકારનો ત્યાગ કરીને ઈશ્વર સન્મુખ થાય છે ત્યારે ઈશ્વર સ્વયં ભક્તના આધીન થઈ જાય છે. જેમ ભગવાન મયૂરેશ્વર પોતે મોરીયાજી માટે ચિંચવડ પધાર્યા હતા. ભક્ત અને ઈશ્વર વચ્ચેનો ભેદ નાબૂદ થઈ જાય છે, તેથી જ આઝાદીના શતકો પછી પણ આજે કરોડો લોકો ગણેશજીની આરાધના કરતી વખતે ભક્ત મોરીયાનું નામ પ્રથમ લે છે.

આમ ભક્ત મોરીયા ગોસાવીનું પાવન જીવનચરિત્ર પ્રત્યેક ગણેશ ભક્ત માટે પ્રેરણાનો અખૂટ સ્રોત છે. ચિંચવડમાં આવેલું તેમનું સંજીવન સમાધિ મંદિર આજે પણ લાખો શ્રદ્ધાળુઓમાટે પરમ શાંતિ અને શક્તિનું ધામ છે.

# ૧૦૦ ટકા ટેરિફવાળા બિલ પર નારાજ થયું ભારત, અમેરિકાને આપી દીધી ચેતવણી



## ભારત પોતાના ૧.૪ અબજ લોકો માટે ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૭**

રશિયાના નામ પર ભારત પર ૧૦૦ ટકા ટેરિફ લગાવવાના પ્રસ્તાવને અમેરિકાના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં મંજૂરી મળી ગયા બાદ સરકારે હવે આ બિલ પર જવાબ આપ્યો છે. ભારતે સ્પષ્ટ કરી દીધુ છે કે પોતાની વસ્તીની સુરક્ષાને સૌથી ઉપર રાખવામાં આવશે. આ સાથે જ ચેતવણી ઉચ્ચારી છે કે તેની અસર દ્વિપક્ષીય સંબંધો પર પડી શકે છે. અમેરિકાની પ્રતિનિધિ સભામાં આ બિલને મંજૂરી અપાઈ ગઈ છે જે ભારત સહિત અનેક દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લગાવવાની તાકાત અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને આપે છે.

વિદેશ મંત્રાલયે લિંડસે ઓ ગ્રાહમ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬ અંગે કહ્યું કે તેના સંબંધિત ઘટનાક્રમો પર નજર રાખવામાં આવી રહી છે. અત્રે જણાવવાનું કે અમેરિકા પહેલા પણ ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવી ચૂક્યું છે.

ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે, જેમ કે પહેલા પણ અનેકવાર કહેવાયું છે કે ભારત પોતાના ૧.૪ અબજ લોકો માટે ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે. તે અલગ અલગ સ્રોતોથી ઉર્જા પ્રાપ્ત કરીને તથા બદલાતા બજારની સ્થિતિના આધારે આવું કરવાનું ચાલું રાખશે. આગળ કહ્યું કે, હાલમાં અનેક અમેરિકી અધિકારીઓ સાથે આ મુદ્દે ઉચ્ચ સ્તરે ચર્ચા થઈ છે. ભારતે ખુબ સ્પષ્ટતાથી એ વાત રજૂ કરેલી છે કે તેની અસર ફક્ત આપણા આપસી સંબંધો પર જ નહીં પરંતુ વૈશ્વિક ઉર્જા બજાર ઉપર પણ પડી શકે છે.

મંત્રાલયે કહ્યું કે, ભારતે સ્પષ્ટ કરી દીધુ છે કે તે પોતાના વેપારી અને આર્થિક હિતોને બચાવવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. સરકાર ભારતના વેપારી અને ઓદ્યોગિક સમૂહોની સાથે નજીકથી કામ કરશે, જેથી કરીને આ ઘટનાક્રમોથી પડનારી અસરને ઘટાડી શકાય.

અત્રે નોંધનીય છે કે ભારત અને ચીન સહિત અનેક દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લગાવવાનું સમર્થન કરતા આ બિલે છેલ્લી બાધા પણ પાર કરી લીધી છે. જો કે હજુ તેના પર રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાકી છે. બિલના પક્ષમાં ૨૦૩ રિપબ્લિકન, ૫૮ ડેમોક્રેટ અને એક અપક્ષ સાંસદે મતદાન કર્યું. જ્યારે રિપબ્લિકન પાર્ટીના ૭ અને ૧૫૨ ડેમોક્રેટ સાંસદોએ આ બિલનો વિરોધ કર્યો.

બિલમાં રશિયાના નેતૃત્વ અને તેના ઉર્જા ક્ષેત્ર પર પ્રતિબંધ લગાવવાની સાથે સાથે રશિયાને ઓઈલની આપૂર્તિ પર લાગેલા પ્રતિબંધોથી બચવામાં મદદ કરનારા દેશો ઉપર પણ પ્રતિબંધ લગાવવાનો પ્રસ્તાવ છે.

ડેમોક્રેટ સેનેટર જીન શહીને કહ્યું કે, રશિયા શેડો ફ્લીટનો ઉપયોગ કરીને પોતાના ઓઈલ અને ગેસ વેચી રહ્યું છે. જેનો અર્થ એ થયો કે બજાર ભાવથી ઓછા ભાવે ખરીદી થઈ રહી છે અને તેની આપૂર્તિ મુખ્યત્વે ચીન અને ભારત જેવા દેશોને થઈ રહ્યું છે. ડેમોક્રેટ સેનેટર રિચર્ડ બ્લુમેન્થલે કહ્યું કે, 'ચીન અને ભારત તમારે તમારું તેલ અને ગેસ બીજેથી ખરીદવા પડશે.' શહીને કહ્યું કે, ચીન રશિયન ઓઈલ અને ગેસનો સૌથી મોટો ઉપયોગકર્તા છે અને આપણે ફક્ત પુતિન જ નહીં પરંતુ ચીન અને રશિયન ઓઈલ તથા ગેસ ખરીદનારા દરેક દેશને એ કડક સંદેશ આપવાની જરૂર છે કે તેની તેમણે કિંમત ચૂકવવી પડશે.

જો કે આ પહેલા પણ ભારત તરફથી સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે તે રશિયા પાસેથી ઓઈલની ખરીદી ચાલુ રાખશે. ગત વર્ષે પણ અમેરિકાએ ભારત પર રશિયા પાસેથી ઓઈલ ખરીદવાના મુદ્દે દંડ અને ટેરિફ લગાવ્યા હતા. અત્રે જણાવવાનું કે આ ઘટનાક્રમ એવા સમયે થઈ રહ્યો છે કે જ્યારે અમેરિકા અને ભારત વચ્ચે ટ્રેડ ડીલ પર ચાલી રહેલી ચર્ચા છેલ્લા દોરમાં છે.

# ભારતીય મૂળના મહાઠગે ૬૪ અમીરોને અબજોનો ચૂનો લગાડ્યો, હવે અમેરિકામાં ૧૧ વર્ષની જેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૧૭:** અમેરિકામાં ભારતીય મૂળના એક ફાઈનાન્શિયલ એડવાઈઝરે પોન્ઝી સ્કીમ ચલાવીને મોટું કૌભાંડ આચર્યું છે. કોર્ટે આ મામલે સિદ્ધાર્થ જવાહર નામના ૩૮ વર્ષીય બિઝનેસમેનને ૧૧ વર્ષની જેલની સજા ફટકારી છે. તેણે લગભગ ૩૫ મિલિયન અમેરિકી ડૉલર એટલે કે આશરે ૩૩૬ કરોડ રૂપિયાની ઠગાઈ કરી હતી. આ કૌભાંડમાં કુલ ૬૪ લોકોને શિકાર બનાવાયા છે. જેમાં પ્રખ્યાત અમેરિકી પૉપ સ્ટાર ટેલર સ્વિફ્ટના પતિ ટ્રેવિસ કેલ્સ પણ સામેલ છે. મિસૌરી ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટના યુએસ અટૉર્ની ઓફિસના જણાવ્યા અનુસાર, તેને કેલ્સે સહિત અન્ય રોકાણકારોને કુલ ૩.૧૩ કરોડ ડૉલર પરત કરવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. સિદ્ધાર્થ જવાહર ટેક્સાસની કંપની 'સ્વિફ્ટઆર્કકેપિટલ'ના સહ-સંસ્થાપક અને મેનેજિંગ પાર્ટનર હતા. કોર્ટના દસ્તાવેજો મુજબ, આ કૌભાંડ ૨૦૧૬ થી ચાલી રહ્યું હતું. જવાહરે રોકાણકારો પાસેથી મળેલી રકમ પાકિસ્તાનની તંબાકુ કંપની 'ફિલિપ મૉરિસ પાકિસ્તાન' (PMP) માં રોકી હતી. જ્યારે આ કંપનીના શેરમાં ઘટાડો થયો, ત્યારે તેણે રોકાણકારોને સત્ય છુપાવીને નફો થતો હોવાનું જૂઠું કહ્યું. ખરેખર તો તેણે ૨૦૧૬ થી ૨૦૨૩ વચ્ચે ૩.૫ કરોડ ડૉલરમાંથી માત્ર ૧ કરોડ ડૉલર જ રોક્યા હતા, જ્યારે બાકીના નાણાંનો ઉપયોગ પ્રાઈવેટ જેટ, મોંઘી હોટલ, ટેક્સાસ અને ન્યૂયોર્કના લક્ઝરી અપાર્ટમેન્ટ, મોંઘા કપડાં અને પ્રાઈવેટ ક્લબની સભ્યપદ પાછળ ઉડાવ્યા હતા. જવાહરે જાન્યુઆરીમાં વાયર ફ્રોડના ત્રણ મામલાઓમાં પોતાનો ગુનો કબૂલ કર્યો હતો. તપાસમાં એ પણ સામે આવ્યું કે સિદ્ધાર્થ જવાહર મૂળ ભારતનો વતની છે અને ૨૦૦૫ થી અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતો હતો. જજ જેકરી એમ. બ્લૂસ્ટોને જણાવ્યું કે આ કૌભાંડ લાંબા સમય સુધી ચાલ્યું અને તેમાં ખૂબ જ મોટી રકમનું નુકસાન થયું છે, જેણે તેની સજા નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ ઘટનાથી અમેરિકી બિઝનેસ જગતમાં ભારે હલચલ મચી ગઈ છે.

## રાષ્ટ્રપતિ ભવનમાં પ્રથમ મહિલા અધિકારીની

# રાષ્ટ્રપતિની સાથે પડછાયાની જેમ રહેતી નવ્યા શેખાવત



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭:** રાષ્ટ્રપતિ ભવનના ભવ્ય પરિસરમાં હવે એક નવો યુનિફોર્મ નજરે પડી રહ્યો છે. હવે એક નવો ચહેરો રાષ્ટ્રપતિની સાથે દેખાઈ રહ્યો છે. અને તે છે ભારતીય સેનાના મેજર નવ્યા શેખાવત. નવ્યા શેખાવત રાષ્ટ્રપતિના ADC બનનારા પ્રથમ મહિલા છે જે આર્મીમાંથી છે. રાષ્ટ્રપતિના સત્તાવાર કાર્યક્રમો અને સમારોહમાં નવ્યા હંમેશાં તેમની સાથે પડછાયાની જેમ રહે છે.

નવ્યાની સફર રાજસ્થાનના સીકર જિલ્લાના એક નાના ગામ કેરપુરાથી શરૂ થઈ હતી. રાજસ્થાનથી રાષ્ટ્રપતિ ભવન સુધી પહોંચવું નવ્યા માટે કોઈ સપનું પૂરું થવા સમાન છે અને આની પાછળ છે એમની સખત મહેનત, કામ પ્રત્યેની ઈમાનદારી અને દેશ સેવા ઝનૂન. અહીં પહોંચવા માટે નવ્યા શેખાવતે UPSCની કઠિન કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસીસ પરીક્ષા પાસ કરી. CDS ૨૦૨૦માં મહિલાઓની મેરિટ લિસ્ટમાં સાતમા સ્થાને રહ્યા. આ પછી ચેન્નઈની ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમીમાં કડક તાલીમ લીધી અને ૨૦૨૧માં આર્મી સર્વિસ કોર્પ્સમાં કમિશન મળ્યું. લગભગ પાંચ વર્ષમાં નવ્યા મેજરના પદ પર પહોંચ્યા. આર્મી સર્વિસ કોર્પ્સ સેનાનો એ ભાગ છે જે લોજિસ્ટિક્સ, સપ્લાય, પરિવહન અને ઓપરેશનલ સપોર્ટ સંભાળે છે. પાછળના મોરચે કામ કરનારા આ કોર્પ્સમાં નવ્યાના શિસ્ત, બહેતર પ્રદર્શન અને કર્મ પ્રત્યે સમર્પણની ભાવનાએ તેમને આજે અહીં પહોંચાડ્યા છે. મેજર નવ્યા શેખાવત જુલાઈ ૨૦૨૬થી રાષ્ટ્રપતિ ભવનમાં તૈનાત છે. ADCની ભૂમિકા માત્ર રાષ્ટ્રપતિ સાથે ઊભા રહેવા પૂરતી સીમિત નથી. તેઓ રાષ્ટ્રપતિના સત્તાવાર કાર્યક્રમો, સમારોહ, રાજદ્વારી મુલાકાતો અને પ્રોટોકોલનું ધ્યાન રાખે છે. સૈન્ય શિષ્ટાચાર જાળવી રાખવો, વરિષ્ઠ અધિકારીઓ સાથે તાલમેલ સાધવો અને રાષ્ટ્રપતિની દિનચર્યામાં સહયોગ કરવો એમની જવાબદારી છે...

ADC એક સૈન્ય અધિકારી હોય છે. જે રાષ્ટ્રપતિની સત્તાવાર ફરજોમાં મદદ કરે છે. સામાન્ય રીતે રાષ્ટ્રપતિના પાંચ ADC હોય છે. સમન્વય, સંચાર અને પ્રોટોકોલ જોવાની એમની જવાબદારી હોય છે. રાજસ્થાનના નાના ગામમાંથી નીકળીને દેશના સર્વોચ્ચ બંધારણીય પદના સૌથી નજીકના સૈન્ય અધિકારીઓમાં સામેલ થવું સરળ નથી હોતું.

રાષ્ટ્રપતિ ભવન મર્યાદિત, શિસ્તબદ્ધ અને ઉચ્ચ સુરક્ષાવાળી જગ્યા છે. અહીં દરેક પગલે પ્રોટોકોલ અને ગરિમાનું ધ્યાન રાખવું પડે છે. મેજર નવ્યા શેખાવત આ માહોલમાં ન માત્ર પોતાની જગ્યા બનાવી રહ્યા છે, પરંતુ આવનારી પેઢીઓ માટે મિસાલ પણ રજૂ કરી રહ્યા છે..નવ્યા શેખાવત માત્ર એક અધિકારી નથી, પરંતુ બદલાતા ભારતનું ચિત્ર છે. જ્યાં યોગ્યતા અને સમર્પણથી કોઈ પણ ઊંચાઈ સર કરી શકાય છે.




### ફિલ્મ 'વાઇબ' વિશે કર્યો મોટો ખુલાસો

# બોલીવુડમાં અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાનું ધમાકેદાર કમબેક






(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૭**

બોલીવુડની જાણીતી અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાએ મોટા પડદા પર કમબેક કરી લીધું છે. પ્રીતિ ઝિન્ટા, સની દેઓલની ફિલ્મ 'બટવારા'માં જોવા મળી હતી અને તેના અભિનયની પ્રશંસા પણ થઈ હતી. હવે તે કોમેડી ફિલ્મ 'વાઈબ'માં પણ જોવા મળવાની છે. તાજેતરમાં અભિનેત્રીએ જણાવ્યું હતું કે તેણે આ ફિલ્મ શા માટે સાઈન કરી અને કેવી રીતે તે આ પ્રોજેક્ટનો ભાગ બની હતી. પ્રીતિ ઝિન્ટાએ ખુલાસો કર્યો હતો કે 'વાઈબ' સાથે તેની સફર ફરહાન અખ્તરના એક ફોન કોલથી શરૂ થઈ હતી. ત્યાર બાદ ડિરેક્ટર કુણાલ ખેમુએ ફિલ્મનું નેરેશન આપ્યું, જેમાં હ્યુમર અને એક્શનના મિશ્રણે પ્રીતિનું ધ્યાન તરત જ ખેંચી લીધું હતું. આ સમગ્ર ઘટનાને યાદ કરતાં પ્રીતિ ઝિન્ટાએ કહ્યું, 'મને ખબર હતી કે આ એક રસપ્રદ સ્ક્રિપ્ટ હશે, કારણ કે ફરહાન અખ્તરે મને ફોન કર્યો હતો. મને લાગે છે કે તેમને સ્ક્રિપ્ટ વિશે ખબર હતી. તેમણે કહ્યું કે આ ખૂબ સારી સ્ક્રિપ્ટ છે. તો મેં કહ્યું કે ઠીક છે, મને સંભળાવો.' અભિનેત્રીએ જણાવ્યું હતું કે તે સમયે તેને ખબર નહોતી કે કુણાલ ખેમુએ 'મડગાંવ એક્સપ્રેસ'નું દિગ્દર્શન કર્યું હતું. આખરે કઈ બાબતે તેણે 'વાઈબ' માટે હા કહેવા પ્રેરિત કરી? આ અંગે પ્રીતિ ઝિન્ટાએ કહ્યું, 'મેં સ્ક્રિપ્ટ સાંભળી અને મને તે ખૂબ જ મજેદાર લાગી હતી. હું તેમાં એક્શન હોવાને લઈને પણ ઉત્સાહિત હતી. મારા માટે હંમેશાં વાર્તા મહત્વની હોય છે અથવા મને કોઈ ફિલ્મની વાઈબ પસંદ આવવી જોઈએ. મને લાગ્યું કે આ મજેદાર લાગી રહી છે.' 'વાઈબ'માં પ્રીતિ ઝિન્ટા 'મેડમ એચ' નામની એક સુપર સ્પાયની ભૂમિકા ભજવી રહી છે. ફિલ્મમાં તે કુણાલ ખેમુ અને સ્પર્શ શ્રીવાસ્તવના પાત્રોને એક ગુપ્ત મિશન માટે તૈયાર કરતી જોવા મળશે. ફિલ્મમાં પ્રીતિએ અનેક એક્શન સિક્વન્સ પણ કર્યા છે, જેને લઈને તે ખૂબ જ ઉત્સાહી છે. તમને જણાવી દઈએ કે ફિલ્મમાં કુણાલ ખેમુ સાથે પ્રીતિ ઝિન્ટા, સ્પર્શ શ્રીવાસ્તવ અને વંશિકા ધીર જોવા મળશે. યશપાલ શર્મા અને દિનેશ લાલ યાદવ પણ મહત્વની ભૂમિકામાં છે. 'વાઈબ' ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ થિયેટરોમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મનો મુકાબલો કરીના કપૂરની ફિલ્મ 'દાયરા' સાથે થશે. રસપ્રદ વાત એ છે કે કરીના કપૂરની નણંદ સોહા અલી ખાનના પતિ કુણાલ ખેમુ છે. એટલે એક જ પરિવારના બે સભ્યોની ફિલ્મો એક જ દિવસે રિલીઝ થવાની છે. 'દાયરા' અને 'વાઈબ'ના ક્લેશ અંગે જ્યારે કરીના કપૂરને પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, 'કુણાલ ખેમુ એક શાનદાર અભિનેતા છે અને બંનેમાંથી કોઈની પણ ફિલ્મ ચાલે, પૈસા અને ટ્રોફી તો એક જ ઘરમાં આવશે.' બીજી તરફ, ફિલ્મોના ક્લેશ અંગે કુણાલ ખેમુએ કહ્યું, 'બંને ફિલ્મોની શૈલી અલગ છે અને હવે અમારી પાસે એટલી બધી સ્ક્રીન્સ છે કે બે સારી ફિલ્મો એકસાથે ચાલી શકે. હું કરીના સહિત ત્રણેય કલાકારોનો મોટો પ્રશંસક છું. મને આશા છે કે બંને ફિલ્મો દર્શકોને પસંદ આવશે.'

# રશ્મિકા મંદાનાની એમ.એસ. સુબ્બુલક્ષ્મીની બાયોપિક જાહેર



(સંપૂર્ણ સમાચાર સેવા) **ચેન્નાઈ, તા.૧૭**

રશ્મિકા મંદાના વિખ્યાત ગાયિકા એમ.એસ. સુબ્બુલક્ષ્મીની બાયોપિકમાં કામ કરી રહી હોવાની ચર્ચા લાંબા સમયથી હતી. આખરે આ ફિલ્મની સત્તાવાર જાહેરાત થઈ છે. ચેન્નાઈમાં આવેલી મ્યુઝિક એકેડમી ખાતે કર્ણાટકી સંગીતના મહાન ગાયિકા એમ એસ સુબ્બુલક્ષ્મીની ૧૧૦મી જન્મજયંતિએ યોજાયેલાં એક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ કમલ હાસને 'એમએસ એ લીગસી' ટાઈટલ ધરાવતી ફિલ્મની જાહેરાત કરી હતી. આ ફિલ્મમાં ભારતરત્ન એમએસ સુબ્બુલક્ષ્મીની ભૂમિકા રશ્મિકા મંદાના ભજવશે તેમ સહનિર્માતા ગીતા આર્ટસે સોશ્યલ મીડિયા પર જણાવ્યું હતું. સુબ્બુલક્ષ્મીની ભૂમિકા માટે સાઈ પલ્લવી અને રૂકમણિ વસંતના નામોની પણ અટકળો ચાલી હતી પણ સ્ક્રિન ટેસ્ટ બાદ રશ્મિકા મંદાનાનું નામ ફાઈનલ કરવામાં આવ્યું હતું. આ ફિલ્મનું નિર્દેશન ગૌતમ ટિન્નામુરી કરશે જ્યારે તેનું સંગીત અનિરૂદ્ધ રવિચંદર આપશે. ૧૯૧૬માં મદુરાઈમાં જન્મેલાં એમ એસ સુબ્બુલક્ષ્મીએ મદ્રાસ મ્યુઝિક એકેડમીમાં નાની વયથી પરફોર્મન્સ આપવાનું શરૂ કરી દીધું હતું. ભારતરત્નથી સન્માનિત ભારતીય શાસ્ત્રીય સંગીતના આ દિગ્ગજ કળાકારે ચાર ફિલ્મો સેવા સદનમ, શાન્કુતલાઈ, સાવિત્રી અને મીરામાં પણ કામ કર્યું હતું. મીરાં ફિલ્મ દ્વારા તેમનું સંગીત બહોળાં જનસમુદાય સુધી પહોંચ્યું હતું. ઐતિહાસિક વારસો જુઓ

# દિગ્ગજ અભિનેતા અનંત નાગને મળશે દાદાસાહેબ ફાળકે એવૉર્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૭**

ભારતીય સિનેમા જગતના સર્વોચ્ચ અને અત્યંત પ્રતિષ્ઠિત ગણાતા 'દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ'ની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. કન્નડ સિનેમાના દિગ્ગજ કલાકાર અને પીઢ અભિનેતા અનંત નાગને ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં તેમના બહુમૂલ્ય પ્રદાન અને પેઢીઓને પ્રેરણા આપતી ભવ્ય સિનેમેટિક સફર બદલ આ સર્વોચ્ચ સન્માન એનાયત કરવામાં આવશે. PIB દ્વારા બુધવારે આ અંગેની સત્તાવાર જાહેરાત



કરવામાં આવી હતી. દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ સિલેક્શન કમિટીની ભલામણના આધારે કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર અનંત નાગને ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ગુજરાતના કેવડિયા ખાતે યોજાનારા ૭૨મા નેશનલ ફિલ્મ ઍવૉર્ડ્સ સમારોહ દરમિયાન ભવ્ય રીતે એનાયત કરવામાં આવશે. અનંત નાગને આ સર્વોચ્ચ સન્માન મળવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વિશેષ અભિનંદન પાઠવતાં લખ્યું હતું કે, અનંત નાગજીને દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડથી સન્માનિત થવા બદલ હાર્દિક અભિનંદન. છેલ્લા ઘણા દાયકાઓથી તેમના સહજ અભિનય, અસાધારણ વૈવિધ્ય અને તેજસ્વી કલાકારીએ ભારતીય સિનેમા, ખાસ કરીને કન્નડ ફિલ્મ ઉદ્યોગ પર ઊંડી છાપ છોડી છે. તેમણે ભજવેલા દરેક પાત્રમાં અદ્ભૂત ઊંડાણ અને પ્રમાણિકતા લાવી આપી છે. એક સાચા પ્રતિષ્ઠિત કલાકાર માટે આ ખરેખર સર્વોચ્ચ અને યોગ્ય સન્માન છે૪ સપ્ટેમ્બર ૧૯૪૮ના રોજ જન્મેલા અનંત નાગરકટ્ટે (અનંત નાગ) કન્નડ સિનેમાના સૌથી આદરણીય નામોમાં મોખરે છે. તેમણે પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન ૩૦૦થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો છે, જેમાં ૨૫૦થી વધુ કન્નડ ફિલ્મો સામેલ છે. આ ઉપરાંત તેમણે હિન્દી, તેલુગુ, તમિલ, મરાઠી, મલયાલમ અને અંગ્રેજી ભાષાની ફિલ્મોમાં પણ પ્રભાવશાળી અભિનય કર્યો છે. ફિલ્મો સિવાય તેઓ નાના પડદા પર પણ ખૂબ જાણીતા છે. દૂરદર્શનની પ્રખ્યાત અને લોકપ્રિય સિરિયલ 'માલગુડી ડેઝ'(આર. કે. નારાયણની વાર્તાઓ પર આધારિત)માં તેમણે ભજવેલા પાત્રો આજે પણ દર્શકોના માનસપટ પર અંકિત છે. અનંત નાગને સિનેમામાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ અગાઉ ૫ વખત 'કર્ણાટક સ્ટેટ ફિલ્મ ઍવૉર્ડ' પ્રાપ્ત થયેલા છે. ભારત સરકારે વર્ષ ૨૦૨૫માં તેમને દેશના ત્રીજા સર્વોચ્ચ નાગરિક સન્માન 'પદ્મભૂષણ'થી પણ નવાજ્યા હતા

# અભિનેતા ગોવિંદા સાથેના અફેર અને લગ્ન અંગે નીલમ કોઠારીનો ખુલાસો, વર્ષો પછી તોડ્યું મૌન



(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૧૭**

૮૦ અને ૯૦ના દશકની જાણીતી બોલિવૂડ અભિનેત્રી નીલમ કોઠારી અને ગોવિંદાની જોડી એક સમયે સિલ્વર સ્ક્રીન પર ખૂબ લોકપ્રિય રહી હતી. ઓન-સ્ક્રીન સાથે તેમની ઓફ-સ્ક્રીન કેમિસ્ટ્રી અને ડેટિંગની ચર્ચાઓ પણ અવારનવાર મીડિયામાં ચમકતી હતી. હવે લાંબા સમય બાદ નીલમ કોઠારીએ ગોવિંદા સાથેના પોતાના સંબંધો અને ચર્ચાઓ પર મૌન તોડીને મોટી સ્પષ્ટતા કરી છે. નીલમે તાજેતરમાં ખુલાસો કર્યો હતો કે, તે સમયે તેને ગોવિંદા પરિણિત હોવાની કોઈ જાણકારી નહોતી. નીલમે કહ્યું, "તે સમયે હું ખૂબ જ નાની હતી અને પરિસ્થિતિને પૂરી રીતે સમજી શકી નહોતી. મને ખબર નહોતી કે ગોવિંદા પરિણિત છે, આ વાતની મને પાછળથી ખબર પડી હતી." વધુમાં તેમણે ઉમેર્યું કે તેના માતા-પિતા ખૂબ જ કડક શિસ્ત વાળા હતા, તેથી તેઓ કોઈ સંબંધમાં રહી શકે તેમ નહોતા. આ ચર્ચા પર નીલમના પતિ અને અભિનેતા સમીર સોનીએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું કે, વીસ વર્ષ પહેલાં જે કંઈ થયું કે ન થયું, તેનાથી તેમને કોઈ ફરક પડતો નથી. સમીરે રમુજી અંદાજમાં કહ્યું કે, "ગોવિંદા આજે પણ એવું જ કહે છે કે તે નીલમને બેઈન્તહા પ્રેમ કરતો હતો."

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે

# પારડી તાલુકા ભાજપ સંગઠન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું થયું આયોજન

## પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલ તથા હિતેશભાઈ પટેલ બંને પતિ પત્નીએ બ્લડ ડોનેશન કરી પ્રોત્સાહન પૂરૂ પાડ્યું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૭**

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ૭૫મો જન્મદિવસની સાથે સાથે એમના ૨૫ વર્ષ દેશની સેવા ને લઈ ગુજરાતમાં ઠેર ઠેર વિવિધ સેવાકીય કાર્યક્રમો થઈ રહ્યા છે ત્યારે પારડી તાલુકા ભાજપ સંગઠનના પ્રમુખ શ્રીપુનિતભાઈ પટેલ દ્વારા સોઢલવાડા ઝરી ફળિયાના પ્રાથમિક શાળામાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

પારડીના ધારાસભ્ય અને ગુજરાત સરકારમાં નાણા અને શહેરી વિકાસ કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે દીપ પ્રાગટ્ય કરી શરૂ થયેલા આ બ્લડ ડોનેશન કેમ્પમાં ૬૭ જેટલી બોટલ એકત્ર કરવામાં સફળતા મળી હતી. પારડી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રીમતી કિન્નરીબેન પટેલ તથા એમના પતિ શ્રી હિતેશભાઈ પટેલે પટેલ બંને પતિ પત્નીએ બ્લડ ડોનેશન કરી લોકોમાં પ્રોત્સાહન પૂરૂ પાડ્યું હતું.

આજના આ બ્લડ ડોનેશન કેમ્પમાં પારડીના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, પારડી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી પુનિતભાઈ પટેલ, પારડી તાલુકા ભાજપ મહિલા મોરચા પ્રમુખ શ્રીમતી ખુશ્બુબેન ટંડેલ, પારડી તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કિન્નરીબેન હિતેશભાઈ પટેલ, માજી ભાજપ પારડી તાલુકા પ્રમુખ શ્રી મહેશભાઈ દેસાઈ, શ્રી અજયભાઈ પટેલ, શ્રી રવિભાઈ, વલસાડ જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, વલસાડ જિલ્લા પંચાયતના શ્રી નરેશભાઈ પટેલ, મહામંત્રી શ્રી જીગ્નેશભાઈ ઉદવાડીયા, શ્રી હિતેશભાઈ પટેલ સહિત ખૂબ મોટી સંખ્યામાં ભાજપ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી આ કેમ્પ સફળ બનાવ્યો હતો.

# વડાપ્રધાનના જન્મદિવસે વલસાડ જિલ્લાને નવા માહિતી ભવનની ભેટ

## રૂા.બે કરોડના ખર્ચે નિર્માણ થયેલા વલસાડ જિલ્લા માહિતી ભવનનું નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૭**

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ રૂા. ૦૨ કરોડ ૧૧ લાખના ખર્ચે નિર્માણ થયેલા વલસાડ જિલ્લા માહિતી ભવનનું લોકાર્પણ કરી જિલ્લાને ભેટ આપી હતી.

નવા માહિતી ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, સમગ્ર ભારત વર્ષ માટે આજે ઐતિહાસિક દિવસ છે. આજે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ છે. એમણે ગુજરાતના મુખ્યમંત્રી પદે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ રાજ્યની શાસન ધૂરા સંભાળી હતી અને તા. ૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ શાસકીય ૨૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર સુધી સેવા સમર્પણ અને સેવા સુશાસનના અનેકવિધ સેવા કાર્યો થવા જઈ રહ્યા છે, ત્યારે આજે સરકારની તમામ યોજનાઓ અને સરકારી કાર્યક્રમોની સાચી માહિતી જાહેર જનતા સુધી પહોંચાડવા માટે મહત્વની ભૂમિકા ભજવતા માહિતી ભવનના નવા મકાનનું લોકાર્પણ કરાયું છે. માહિતી ખાતુ સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ કાર્ય કરે છે. વલસાડ જિલ્લાની માંગણી હતી કે, માહિતી ખાતાની સુંદર કચેરી બને અને આજે માહિતી ભવનના નવા મકાનનું લોકાર્પણ કરાયું છે ત્યારે મને ચોક્કસ ખાતરી છે કે, જિલ્લા માહિતી કચેરી સરકારના વિકાસ કાર્યોની ઝડપી અને સાચી માહિતી જનતા સુધી પહોંચતી કરવામાં સફળ રહેશે. માહિતી ભવનના નિર્માણ માટે જિલ્લાના પત્રકાર મિત્રોને પણ અભિનંદન પાઠવું છું.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેતલબેન જે. પટેલે જિલ્લાના નાયબ માહિતી નિયામક શ્રી ઉમેશ બાવીસાને અભિનંદન પાઠવી સરકારના વિકાસ કાર્યોની માહિતી જાહેર જનતા સુધી પહોંચાડી રાજ્યના વિકાસને વેગ આપવા શુભેચ્છા પાઠવી હતી.

વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલે જણાવ્યું કે, માહિતી ખાતુ અને સરકાર એક સિક્કાની બે બાજુ છે. માહિતી ખાતુ સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ કામગીરી બજાવે છે. આ નવા માહિતી ભવનથી વલસાડ જિલ્લામાં સરકારના પ્રચાર પ્રસારની કામગીરી વધુ સારી રીતે થઈ શકશે. દેશની ચોથી જાગીર ગણાતા મીડિયા મિત્રો માટે પણ અહી અલાયદો રૂમ ફાળવાયો હોવાથી પત્રકાર મિત્રોને પણ સુગમતા રહેશે.

માહિતી વિભાગની સુરત પ્રાદેશિક કચેરીના સંયુક્ત માહિતી નિયામકશ્રી એ.બી.મછાર અને નાયબ કાર્યપાલક ઈજનેર સુનિલ મહેતા સહિત જિલ્લા માહિતી કચેરીના સ્ટાફ દ્વારા મંત્રીશ્રી સહિતના મહાનુભાવોનું પુષ્પગુચ્છ સાથે ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી નીતિન સાંગવાન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યુવરાજસિંહ જાડેજા, જિલ્લા પ્રદેશ સંગઠનના મંત્રી શ્રી સોનલબેન સોલંકી અને જિલ્લા સંગઠન પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા અને જિલ્લાના મીડિયા કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નવા માહિતી ભવનમાં શું સુવિધા ઉપલબ્ધ કરાઈ

માહિતી ભવનના નવા મકાનમાં ગ્રાઉન્ડ ફલોરમાં પાર્કિંગની સુવિધા અને પત્રકાર રૂમનો સમાવેશ કરાયો છે. ફર્સ્ટ ફલોર ઉપર ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ ઈન્ફોર્મેશન ઓફિસરની ચેમ્બર, સિનિયર સબ એડિટરની ચેમ્બર, ઓફિસ સુપ્રિટેન્ડન્ટ, એડમિન અને એકાઉન્ટ બ્રાંચ, ઈન્ફોર્મેશન આસિસ્ટન્ટ અને સ્ટાફ ચેમ્બર તથા લિટરેચર રૂમ, રેકર્ડ રૂમ, રજિસ્ટ્રી અને માહિતી કેન્દ્રનો સમાવેશ કરાયો છે. સેકન્ડ ફલોર પર ડેપ્યુટી એક્ઝિક્યુટીવ એન્જિનિયરની ચેમ્બર, ઈલેકટ્રોનિક મીડિયા અને ટેકનિકલ બ્રાંચ હોલ, એક્ઝિબિશન/કોન્ફરન્સ હોલ વીથ લાઈબ્રેરી, સ્ટોરરૂમ તેમજ વધારાના બે રૂમનો સમાવેશ કરાયો છે.

### માહિતી ભવનમાં પત્રકારો માટે અલાયદો રૂમ અને પ્રદર્શની નિહાળી શકાશે

વલસાડ જિલ્લા મથક ખાતે માહિતી ખાતાનું અલાયદુ મકાન તૈયાર થવાથી મુલાકાતીઓ પ્રદર્શન નિહાળી શકશે. પત્રકારો માટે અલાયદો રૂમ હોવાથી પત્રકારોને એક જ જગ્યાથી સમાચારોની માહિતી મળી રહેશે. માહિતી ભવનનું નિર્માણ થવાથી માહિતીના અધિકારી/કર્મચારીઓને કામગીરી કરવામાં ઉત્સાહ બેવડાઈ રહેશે અને સારી રીતે કામગીરી કરી શકાશે.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે વલસાડ શહેર ભાજપ દ્વારા કરાયા સેવાકીય કાર્યો

## એસ.ટી. ડેપો ખાતે સ્વચ્છતા અભિયાન અને મ્યુનિસિપલ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રૂટ વિતરણ કરાયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે આજરોજ વલસાડ શહેર ભારતીય જનતા પાર્ટી દ્વારા વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

વલસાડ શહેર ભાજપ પ્રમુખ શ્રી દિવ્યાંગભાઈ ભગતના નેતૃત્વ હેઠળ સેવા પખવાડિયા અંતર્ગત જાહેર સ્થળોની સફાઈ અને દર્દીનારાયણની સેવાનો સંકલ્પ સાકાર કરવામાં આવ્યો હતો, આ અભિયાન અંતર્ગત પ્રથમ ચરણમાં વલસાડ એસ.ટી.ડેપો ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

ભાજપના આગેવાનો અને કાર્યકરોએ હાથમાં ઝાડુ લઈ બસ સ્ટેશન પરિસરની સફાઈ કરી લોકોને સ્વચ્છતા જાળવવાનો સંદેશો આપ્યો હતો,ત્યારબાદ, વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પિટલ ખાતે પહોંચીને ત્યાં સારવાર લઈ રહેલા દર્દીઓના ખબરઅંતર પૂછ્યા હતા અને તમામને પૌષ્ટિક ફ્રૂટ પેકેટનું વિતરણ કર્યું હતું.

આ સેવાકીય કાર્યક્રમોમાં વલસાડ નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી માલતીબેન ટંડેલ, શહેર સંગઠનના પદાધિકારીઓ, વલસાડ નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ શ્રી આશિષભાઈ દેસાઈ, શ્રીમતી અલકાબેન દેસાઈ, ચૂંટાયેલા કાઉન્સિલરો, મોરચાના હોદ્દેદારો તેમજ ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે સૌ આગેવાનોએ દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દીર્ધાયુ બને અને તેમના નેતૃત્વમાં ભારત દેશ સતત પ્રગતિના પંથે આગળ વધતો રહે તેવી પ્રાર્થના કરી જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી.

ધરમપુરના રમતુભાઈ પાડવીએ

# વડાપ્રધાન મોદીના જન્મ દિવસે તેમની સાથે ગામડાઓમાં પગપાળા અને સાયકલ પ્રવાસની યાદો તાજી કરી



## વડાપ્રધાન મોદી તે સમયે આર.એસ.એસ.ના પ્રચારક હતા, ત્યારે તેમના સાથી મિત્ર રહેલા રમતુભાઈએ ભૂતકાળના સ્મરણો વાગોળ્યા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૧૭:** આજે ૧૭ સપ્ટેમ્બરના દિવસે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ છે. રાષ્ટ્રમાં જન્મદિવસની ઉજવણી અનેક કાર્યક્રમો થકી થઈ રહી છે. ત્યારે મોદીના જન્મ દિવસે ધરમપુરના આર.એસ.એસ.ના કાર્યકર એવા શ્રી રમતુભાઈ પાડવીએ મોદી સાથે ધરમપુર વિસ્તારના પ્રવાસોની યાદ તાજી કરી હતી. મોદી સાથે વિતાવેલ સમયને તેઓએ યાદ કર્યા હતા.

ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદી આજે દેશના વડાપ્રધાન પદે બિરાજમાન છે. આજે તેમનો ૭૬મો જન્મ દિવસ છે. ત્યારે મોદીનો વલસાડ જિલ્લા સાથે ઘરનાતો સંબંધ રહ્યો છે. મોદી આર.એસ.એસ.ના પ્રચારક પદે હતા ત્યારે સમયે સમયે વલસાડ જિલ્લામાં પ્રવાસ કરતા હતા. સંઘના પ્રચારકાર્ય પ્રવાસમાં ધરમપુરના સંઘના કાર્યકર શ્રી રમતુભાઈ પાડવી, પ્રમુખ સાથી મિત્ર રહ્યા આજે મોદીના જન્મ દિવસે તેમણે ભૂતકાળના સ્મરણો તાજા કર્યા હતા. તે સમયે મોદી સાથે અંતરીયાળ રોડ વગરના ધુળીયા ખડકાવ રસ્તાઓ નાના ગામોમાં ચાલીને સાયકલ ઉપર સતત પ્રવાસ કર્યા હતા. આજે પણ મોદી દિલથી શ્રી રમતુભાઈના ટેલિફોનીક ખબર અંતર લેતા રહે છે. જિલ્લામાં ધરમપુર વિસ્તારમાં જ્યારે પણ જાહરે સભા હોય ત્યારે મોદી મંચ ઉપરથી જુના સાથી મિત્રોને નામજોગ યાદ કરતા રહે છે. સ્ટેજ ઉપર બોલાવી સન્માન કરે છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે

# વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા રોલા ખાતે રક્તદાન શિબિર યોજાઈ

## નારી શક્તિએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી માનવસેવાનું અનોખું ઉદાહરણ પૂરૂ પાડ્યું




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ તેમજ તેમના જાહેર જીવનના ૨૫ વર્ષના સેવા સંકલ્પની ઉજવણીના ભાગરૂપે વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા આજે વલસાડના રોલા ખાતે ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય કાર્યક્રમમાં ગુજરાત સરકારના નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, વલસાડ-ડાંગ લોકસભા સાંસદ તથા લોકસભા દંડક શ્રી ધવલભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ તથા ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, પ્રદેશ ભાજપ મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી (જૈન),વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ, વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ શ્રીમતી પ્રવીણાબેન પટેલની આગેવાની હેઠળ યોજાયેલ રક્તદાન શિબિરમાં વલસાડ જિલ્લાની નારી શક્તિએ ઉત્સાહભેર ભાગ લઈને મોટી સંખ્યામાં રક્તદાન કર્યું હતું અને જરૂરિયાતમંદ દર્દીઓનો જીવ બચાવવા માટે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ઉપસ્થિત અગ્રણીઓએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના સેવા સંકલ્પને ચરિતાર્થ કરવા માટે મહિલા મોરચા દ્વારા કરવામાં આવેલો આ પ્રયાસ અત્યંત પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે, સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે વલસાડ જિલ્લા મહિલા મોરચાના હોદ્દેદારો, કાર્યકર્તાઓ તેમજ સ્થાનિક રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક સેવા આપી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. રક્તદાન શિબિરમાં સાંજે ૫ વાગ્યા સુધી કુલ ૧૬૦ રક્તબેગ એકત્ર કરવામાં આવી હતી, રક્તદાન કરનાર તમામ મહિલા રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા ટ્રોલી બેગ અથવા બ્લેન્કેટની ભેટ આપવામાં આવી હતી.

# ‘સ્વચ્છતા હી સેવા-૨૦૨૬’ અંતર્ગત નવસારીના ભૂલા ફળિયામાં સ્વચ્છતા અભિયાન યોજાયું

## ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ સહિત આગેવાનો અને ગ્રામજનોએ સફાઈ અભિયાનમાં જોડાઈ સ્વચ્છતાનો સંદેશ આપ્યો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૧૭**

‘સ્વચ્છતા હી સેવા-૨૦૨૬’ અભિયાન અંતર્ગત તા.૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન નવસારીને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે વિવિધ સ્વચ્છતા પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનમાં NGO, યુવા જૂથો, સ્વયંસેવકો, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ નાગરિકોને જોડાઈ જનભાગીદારીથી સ્વચ્છ નવસારીના નિર્માણમાં સહભાગી બન્યા છે. જે અંતર્ગત નવસારી તાલુકાના ભૂલા ફળિયા ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં નવસારીના ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ, ભાજપ પ્રમુખશ્રી ભુરાભાઈ શાહ, સરપંચશ્રી, ગ્રામજનો તેમજ મહિલાઓ ઉપસ્થિત રહી સ્વયં સફાઈ કામગીરીમાં જોડાયા હતા. સૌએ સાથે મળીને વિવિધ વિસ્તારોમાં સફાઈ કરી સ્વચ્છતા જાળવવા અંગે જનજાગૃતિનો સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈએ ‘સ્વચ્છતા હી સેવા-૨૦૨૬’ અભિયાન તેમજ વડાપ્રધાનશ્રીના જન્મદિવસ નિમિત્તે પ્રજાજોગ સંદેશ આપ્યો હતો. તેમણે સ્વચ્છતા માત્ર એક દિવસની કામગીરી ન બની રહે, પરંતુ તેને રોજિંદા જીવનનો ભાગ બનાવવા અને સ્વચ્છતા જાળવવામાં દરેક નાગરિક સક્રિય ભાગીદાર બને તેવો અનુરોધ કર્યો હતો. ભૂલા ફળિયા ખાતે યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં આગેવાનો, ગ્રામજનો અને મહિલાઓની ઉત્સાહભેર ભાગીદારીથી ‘સ્વચ્છતા સૌની જવાબદારી’નો સંદેશ પ્રબળ બન્યો હતો.

UT Administration of Dadra Nagar Haveli and Daman & Diu
Community Health Centre Ghoghla, Diu
Tender for Supply Injection, Drops, Syps, Ointments & Surgical For CHC Ghoghla - Diu
Notice No.: 3-3-Tender/Medicine/Inj-Surgical/CHC/2026-27/223
Notice Date :10/09/2026
Tender Opening Date :28/09/2026 (4:00 PM)
Venue : CHC Ghoghla - Diu
chc-diu-dd@ddd.gov.in
For details please scan
CHC Ghoghla - Diu,
No. IP/DMN/2/5/2026-27/500, Dated: 17/09/2026

UT Administration of Dadra Nagar Haveli and Daman & Diu
Community Health Centre Ghoghla, Diu
Tender for Supply of Tablets and Capsules For CHC Ghoghla - Diu
Notice No.: 3-3-Tender /Medicine/Tab-Cap/CHC/2026-27/324
Notice Date :10/09/2026
Tender Opening Date :28/09/2026 (4:00 PM)
Venue : CHC Ghoghla - Diu
chc-diu-dd@ddd.gov.in
For details please scan
CHC Ghoghla - Diu,
No. IP/DMN/2/5/2026-27/499, Dated: 17/09/2026

UT Administration of Dadra Nagar Haveli and Daman & Diu
Community Health Centre Ghoghla, Diu
Tender for Supply of laboratory material and reagents For CHC Ghoghla - Diu
Notice No.: 1-6/accts/lab.material /2026-27/ 325
Notice Date :11/09/2026
Tender Opening Date :28/09/2026 (4:00 PM)
Venue : CHC Ghoghla - Diu
chc-diu-dd@ddd.gov.in
For details please scan
CHC Ghoghla - Diu,
No. IP/DMN/2/5/2026-27/498, Dated: 17/09/2026

વર્તમાન પ્રવાહ
વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિને વાપીમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં "આશીર્વાદનો દીપ" કાર્યક્રમ યોજાયો

**૧૦ હજારથી વધુ લોકોએ ૧૫ હજારથી વધુ દીવડા પ્રગટાવી ભવ્ય દીપોત્સવ મનાવ્યોઃ મા અંબાની મહાઆરતી પણ ઉતારી**





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની ગરિમામય ઉપસ્થિતિમાં વાપી અંબા માતા મંદિરના સંકુલમાં 'આશીર્વાદનો દીપ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ હજારથી વધુ લોકોએ ૧૫ હજારથી વધુ દીવડા પ્રગટાવી ભવ્ય દીપોત્સવ અને મા અંબાની મહાઆરતી ઉતારી વડાપ્રધાનશ્રીના દીઘાર્યુ અને તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે પૂજા અર્ચના કરી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી નીતિન સાંગવાન અને પ્રોબેશનરી આઈ.એ.એસ. પિયુષ ઘટાલા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, આજે આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ છે. તેમણે સેવા, સમર્પણ અને સુશાસનની યાત્રા તા.૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ શરૂ કરી ગુજરાતને અનેકવિધ યોજના આપી લોકોની સુખાકારીમાં વધારો કર્યો છે. તેઓ મુખ્યમંત્રી હતા ત્યારે લોકો તેમને કહેતા કે, અમને જમતી વખતે રાત્રે બે કલાક વીજળી આપો અને નરેન્દ્રભાઈએ ૨૪ કલાક વીજળી આપી અને અહીંથી તેમની વિકાસ ગાથા શરૂ થઈ હતી. ત્યારબાદ આયુષ્યમાન કાર્ડ યોજના, આદિવાસીઓ માટે વનબંધુ કલ્યાણ યોજના, માછીમારો માટે સાગરખેડૂ યોજના, જનધન યોજના સહિતની અનેકવિધ યોજનાથી લોકોના જીવન ધોરણમાં સુધારો કર્યો છે. નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલી દરેક યોજનાનો લાભ તા.૧૭ સપ્ટેમ્બર થી તા.૧૭ ઓક્ટોબર સુધી લોકોને મળે તે માટે કાર્યક્રમો થઈ રહ્યા છે અને સ્વચ્છતા અભિયાન, બ્લડ ડોનેશન કેમ્પ સહિતના સેવા કાર્યો પણ ચાલી રહ્યા છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, આજે સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર, વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન સહિત જિલ્લાની વિવિધ સંસ્થા, સંગઠનો, મંડળો અને સમાજના લોકો હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે જે પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે લોકોનો પ્રેમ અને લાગણીના દર્શન કરાવે છે.

આ પ્રસંગે વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, કમિશનર એન.એફ.ચૌધરી, વાપી શહેર સંગઠનના પ્રમુખ મનિષ દેસાઈ, વાપીના ઉદ્યોગપતિ એ.કે.શાહ અને યોગેશ કાબરીયા સહિત અનેક આગેવાનો અને ૩૨ સંસ્થાના હોદ્દેદારો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મા અંબાની મહાઆરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

**વાપીમાં વિવિધ ગણેશ પંડાલોમાં**

# નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને સાંસદ ધવલભાઈ પટેલે આરતી, પૂજા દર્શનનો લાભ લીધો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

વાપીમાં વિસ્તારમાં નાના મોટા સહિત ૧૦૦ ઉપરાંત ગણેશ પંડાલોનું આયોજન ગણેશ મહોત્સવ નિમિત્તે કરવામાં આવ્યું છે. અદ્‌ભૂત થીમ ડેકોરેશન લાઈટીંગ સાથે ગણેશ મંડળોએ પંડાલોમાં બાપાને બિરાજમાન કર્યા છે. દરરોજ સવાર સાંજ બાપાની આરતીપૂજા તથા ભજનોનું આયોજન ધૂમ મચાવી રહેલ છે. ત્યારે ગુજરાત કેબીનેટના નાણા અને શહેરી વિકાસમંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને વલસાડ ડાંગ સાંસદ શ્રી ધવલભાઈ પટેલે બુધવાર રાત્રે વાપીના વિવિધ ગણેશ મંડલોની મુલાકાત લઈને આરતી, પૂજા અને દર્શનનો લાભ લીધો હતો.

વાપીમાં આકર્ષક ગણેશ પંડાલોમાં વિવિધ થીમ સાથે ગણેશ મહોત્સવની ઉજવણીની ધૂમ ચાલી રહી છે. ત્યારે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, મનપા ઉપપ્રમુખ શ્રી મિતેશ દેસાઈ, સ્ટેન્ડિંગ કમીટી મનપાના અધ્યક્ષએ બુધવાર રાત્રે વિવિધ ગણેશ પંડાલોની મુલાકાત લીધી હતી. બાપા દર્શન પૂજા આરતી કરીને આશિર્વાદ મેળવ્યા હતા. દરેક પંડાલોમાં આયોજકો દ્વારા તમામ મહાનુભાવોનું ભાવભર્યુ સ્વાગત અને સન્માન કર્યું છે. મુલાકાત દરમિયાન દરેક પંડાલના આયોજકોને નાણામંત્રીએ અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે વાપી ખાતે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં રક્તદાન શિબિર યોજાઈ






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે સેવા અને સમર્પણની ભાવના સાથે પારડી વિધાનસભા મતવિસ્તાર અંતર્ગત વાપી ખાતે એક ભવ્ય રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકારના નાણાં મંત્રી તથા પારડીના લોકલાડીલા ધારાસભ્ય શ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં આ શિબિર વાપી સ્થિત શ્રીમતી પુરીબેન પોપટ લાયન્સ બ્લડ સેન્ટર ખાતે યોજાઈ હતી. આ કાર્યક્રમ ભારતીય જનતા પાર્ટી પારડી વિધાનસભા, એન્જિનિયર્સ એસોસિએશન વાપી, વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને લઘુ ઉદ્યોગ ભારતી-વલસાડ જિલ્લાના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

શિબિરમાં કાર્યકરો, ઉદ્યોગ સાહસિકો અને નગરજનોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કરી વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુષ્યની કામના સાથે તેમને જન્મદિવસની અનોખી શુભેચ્છા પાઠવી હતી

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો આ સેવાકીય અવસરે વાપી મહાનગરપાલિકા કારોબારી અધ્યક્ષ તથા વીઆઈએ પ્રેસિડેન્ટ શ્રી સતીષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ શ્રી મનીષભાઈ દેસાઈ, વલસાડ જિલ્લા લઘુ ઉદ્યોગ ભારતી પ્રમુખ શ્રી મેહુલભાઈ પટેલ, વાપી નોટિફાઇડ ભાજપ પ્રમુખ શ્રી અમન ત્રિવેદી, વાપી નોટિફાઇડ પૂર્વ પ્રમુખ શ્રી હેમંતભાઈ પટેલ અને હરિયા રોટરી હોસ્પિટલના ડીન ડો.સિંગ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત લઘુ ઉદ્યોગ ભારતી વાપી એકમના પ્રમુખ શ્રી કાર્તિકભાઈ પટેલ, પારડી એકમના પ્રમુખ શ્રી અનિલભાઈ મપારા, દમણગંગા એકમના પ્રમુખ શ્રી કિરીટભાઈ મદાની, લઘુ ઉદ્યોગ ભારતી જિલ્લા મહામંત્રી શ્રી સંતોષકુમાર અને શ્રી પ્રફુલભાઈ પટેલ તેમજ શ્રી ભરતભાઈ પટેલ, શ્રી કમલેશભાઈ પટેલ સહિત વિવિધ સંસ્થાઓના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, ભાજપના અગ્રણી કાર્યકર્તાઓ અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

**'સેવા સંકલ્પ' અભિયાન અંતર્ગત**

# દમણ ભાજપના વરિષ્ઠ નેતા વિશાલભાઈ ટંડેલ અને તેમની ટીમે વડાપ્રધાનશ્રીના જન્મદિવસની કરેલી ઉજવણી

**નાની દમણના મરવડ સ્થિત નમો હોસ્પિટલમાં દર્દીઓ અને સગાંઓને ભોજન કરાવી જરૂરીયાતમંદોને બ્લેન્કેટ અને રાશન સામગ્રીનું કરેલું વિતરણ**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૭**

આજે દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિન નિમિત્તે 'સેવા સંકલ્પ' અભિયાન અંતર્ગત દમણ ભાજપના યુવા અને વરિષ્ઠ નેતા શ્રી વિશાલભાઈ ટંડેલ અને તેમની ટીમ દ્વારા નમો હોસ્પિટલ-મરવડમાં મફત ભોજનની સેવા દર્દીઓ અને એમના સાથીઓ માટે રાખવામાં આવેલ હતી જેમાં આશરે ૪૦૦ જેટલા દર્દીઓ અને તેમના સગાં-સંબંધીઓએ ભોજન સેવાનો લાભ લીધો હતો.

'આશીર્વાદનો દિપક' કાર્યક્રમ હેઠળ શ્રી વિશાલભાઈ ટંડેલના નિવાસે ૧૦૮ દીવડાઓ પ્રગટાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે વરિષ્ઠ નેતા શ્રી વિશાલભાઈ ટંડેલ, શ્રી રુદ્રેશ ટંડેલ, શ્રી હિરેન જોશી, શ્રી જયંત મહાપાત્ર, શ્રી વિજય પટેલ અને અન્ય લાભાર્થીઓ દ્વારા દીવા પ્રગટાવી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્યની કામના સાથે તેમને આશીર્વાદ આપ્યા હતા. આજે શ્રી વિશાલભાઈ ટંડેલ અને તેમની ટીમ દ્વારા જરૂરતમંદોને બ્લેન્કેટ તથા રાશન સામગ્રીનું વિતરણ કરીને વિકસતા ભારતના સુકાની, નવા ભારતના શિલ્પકાર યશસ્વી પ્રધાનમંત્રીશ્રીને જન્મદિનની અનેકો મંગળકામનાની ધ્વનીની ગુંજ સાથે જન્મદિવસની ઉજવણી કરી હતી.

**પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે**

# કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના નેતૃત્વમાં નાનાપોંઢા સ્મશાનભૂમિમાં શ્રમદાન કાર્યક્રમ યોજાયો







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ તેમજ દેશભરમાં ચાલી રહેલા 'સેવા પખવાડિયા' અંતર્ગત કપરાડા વિધાનસભા વિસ્તારના નાનાપોંઢા ખાતે રાતા ખાડી સામુહિક સ્મશાનભૂમિ પરિસરમાં એક વિશેષ શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કપરાડાના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરીના પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સ્મશાનભૂમિ પરિસરની સઘન સાફ-સફાઈ કરી સ્વચ્છતા અને પર્યાવરણ જતનનો સકારાત્મક સંદેશ આપવામાં આવ્યો હતો

**અગ્રણીઓ અને અધિકારીઓની સક્રિય ઉપસ્થિતિ :** આ સેવાકીય અભિયાનમાં લોક-તિનિધિઓ, વહીવટી તંત્રના અધિકારીઓ તથા સ્થાનિક ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. જિલ્લા પંચાયત સદસ્ય શ્રી મિતેષભાઈ પટેલ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ (નાનાપોંઢા) શ્રીમતી મનિષાબેન પટેલ, તાલુકા પંચાયત દંડક શ્રી વિજય પટેલ તાલુકા પંચાયત સદસ્ય શ્રી ભદ્રેશભાઈ પટેલ, પ્રશાસન સ્થાનિક સરપંચશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિતના કર્મચારીઓ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યશ્રી, ઉપસ્થિત પદાધિકારીઓ અને ગ્રામજનોએ જાતે શ્રમદાન કરીને પરિસરને સ્વચ્છ અને સુઘડ બનાવ્યું હતું.

અંતમાં સૌ અગ્રણીઓએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ પાઠવી તેમના દીર્ઘાયુષ્ય તેમજ નિરામય સ્વાસ્થ્ય માટે ઈશ્વર સમક્ષ પ્રાર્થના કરી હતી.

# ધરમપુર સીદુમ્બરમાં ખેડૂતાની ન્યાયસભા યોજાઈઃ મામલતદારને વાંધા અરજીઓ આપવામાં આવી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

આજરોજ તા.૧૭/૦૯/૨૦૨૬ના દિને ધરમપુર તાલુકા મામલતદાર કચેરી ખાતે ગઈ કાલે જે સીદુમ્બર ગામે જગલ જમીનના પ્રશ્નોને લઈ ખેડુતાને થતા અન્યાય સામે ન્યાય આપવવા ન્યાયસભાનું આયોજન વાંસદા ચીખલીના ધારાસભ્ય શ્રી અનંત પટેલની અધ્યક્ષતામા રાખવામાં આવી હતી અને ધારાસભ્યશ્રીએ હાંકલ કરી હતી કે, જંગલ જમીન ખેડતા તમામ ખેડૂતોએ મામલતદાર કચેરીએ લોકસુનાવણીમાં જવાનું અને વાંધો રજૂ કરવો જેના અનુસંધાને આજરોજ મોટી સંખ્યામાં ખેડૂતો સાથે જંગલ જમીનોમાં જે નોટિસો આપવામાં આવી હતી એ બાબતે વાંધા અરજી રજૂ કરવામાં આવી અને આપેલ તમામ નોટિસો દફતરે કરવાની રજૂઆત કરવામાં આવી હતી.

આદિવાસી વિસ્તારામાં ખેડૂતો છેલ્લી ૩ પેઢીથી જંગલ જમીન પર નાગલી, અડદ કે અન્ય પાકો લઈ અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા આવ્યા છે પરંતુ વહીવટી તંત્ર દ્વારા જે ખેડૂતોને હેરાન કરવામાં આવી રહ્યા હોઈ એના અનુંસંધાને આજરોજ મોટી સંખ્યા ખેડૂતો, સામાજિક આગેવાન શ્રી રાહુલ પટેલ, નડગંધરી ગામના સરપંચશ્રી દિનેશ ભોયા,આવધા ગામના સરપંચ શ્રી સુરેશ ભાઈ, સીદુમ્બર ગામના માજી સરપંચ શ્રી હિતેશ ભાઈ,બોપી ગામના માજી સરપંચ શ્રી નવસુભાઈ સહિત આગેવાનો અને મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

# વલસાડમાં વિસર્જન દરમિયાન નિર્ધારીત ડિસેબલ કરતા ડીજેમાં વધારે સાઉન્ડ રાખવા બદલ પોલીસે કાર્યવાહી કરી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

હાલમાં જિલ્લાભરમાં આનંદ, ઉત્સાહ અને આસ્થાપૂર્વક ગણેશ ઉત્સવ ચાલી રહ્યો છે. આ ઉત્સવમાં પરંપરાગત ત્રણ, પાંચ, સાત દિવસીય ગણેશજીઓ વિસર્જન યાત્રાઓ નિકળી રહી છે. બુધવારે વલસાડમાં કોલેજ પાસે નિકળી રહેલી વિસર્જન યાત્રા દરમિયાન ડી.જે. દ્વારા નિર્ધારીત ડિસેબલ કરતા વધુ સાઉન્ડ રાખ્યો હોવાથી તાત્કાલિક વિસર્જનયાત્રા અટકાવીને કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જિલ્લા પોલીસ દ્વારા ગણેશોત્સવ પ્રારંભ પહેલા જિલ્લાભરમાં શાંતિ સમિતિ સભા યોજીને વિસર્જન અંગેની ચોક્કર નિર્ધારિત ગાઈડલાઈન જણાવવામાં આવી હતી. તેમાં ખાસ કરીને ડી.જે.દ્વારા સાઉન્ડની નિર્ધારીત ડિસેબલ અંગે પણ જણાવવામાં આવ્યું હતું અને પોલીસે સ્પષ્ટતા પણ કરી હતી કે આ બાબતે કોઈ કસુરવાર બનશે તો પગલાં લેવામાં આવશે તે અનુસાર વલસાડમાં કોલેજ પાસે નિકળેલી ત્રિદિવસીય ગણેશ વિસર્જનયાત્રામાં ડી.જે. દ્વારા વધુ સાઉન્ડ રાખવામાં આવ્યો હતો. તેથી પોલીસે ડી.જે.વાહન જપ્ત કરીને પોલીસ સ્ટેશન લઈ જવાયું હતું. પોલીસે કાયદેસરની કાર્યવાહી ડી.જે.સંચાલક સામે કરી હતી. હજુ પણ આગામી સમયે વિસર્જન યાત્રાઓ નિકળશે ત્યારે સાઉન્ડ માટેની પોલીસે જાહેર કરેલ ગાઈડ લાઈનનું પાલન કરવું જાહેર હિતાવહ છે.

# વાપીની કવિયત્રી દિપ્તી મિશ્રાને કાવ્ય સંગ્રહ બદલ ગાંધીનગરમાં શ્રેષ્ઠ પુસ્તક સન્માન પારિતોષિક અર્પણ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

હિન્દી દિવસની ઉજવણીનું આયોજન ગાંધીનગરમાં ગુજરાત સાહિત્ય એકાદમી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં વાપીની કવિયત્રી દિપ્તી મિશ્રાને તેમના કાવ્યા સંગ્રહ પુસ્તકને શ્રેષ્ઠ પુસ્તક તરીકે સન્માનિત કરીને પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં ૧૪ સપ્ટેમ્બરે ગુજરાત સાહિત્ય એકાદમી દ્વારા આયોજીત શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક સન્માન સમારોહમાં દિપ્તી મિશ્રાની પ્રથમ કૃતિ 'પ્રીત



કે અનુબંધ'ને હિન્દી ભાષા અને સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકના રૂપમાં સન્માનિત કરાયા હતા. એકાદમી તરફથી સન્માનપત્ર પ્રદાન કરાયું હતું. તેમના સાહિત્યિક ગુંજન સંવેદનશીલ કાવ્ય લેખન અને હિન્દી ભાષા પ્રતિ સમર્પણને સન્માનિત કરાયું હતું. તેમના કાવ્ય સંગ્રહને મળેલ પારિતોષિક બદલ વાપીના સાહિત્ય પ્રેમીઓમાં ખુશીનો માહોલ છવાયો હતો.

હિન્દી દિવસ અવસરે મળેલ ઉપલબ્ધીને વાપી હિન્દી કાવ્યમંચના પ્રમુખ શ્રી શિવલક્સ યાદવ સહિત સાહિત્ય પ્રેમીઓએ વાપીનું ગૌરવ બતાવી દિપ્તી મિશ્રાને બધાઈ આપવામાં આવી હતી.